


શાંતિદેવાચાર્યકૃત

# બોધિચર્યાવતાર

[અધ્યાપક ધર્માનંદ કોસંબીનો સંક્ષિપ્ત અનુવાદ]

સંપાદક

મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ

અમદાવાદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા – ૨

શાંતિદેવાચાર્યકૃત

# બોધિચર્યાવતાર

[ અધ્યાપક ધર્માનંદ કોસંબીનો સંક્ષિપ્ત અનુવાદ ]

H-4078
31-5-97

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

)26763
ving JinShasan
026763
anmandir@kobatirth.org

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, ઈ૦ સ૦ ૧૯૫૫
પ્રત ૧,૫૦૦

એક રૂપિયો માર્ચ, ૧૯૫૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકાશકનું નિવેદન

'બોધિચર્યાવતાર'નું આ દોહન મૂળ 'પુરાતત્ત્વ' માસિકમાં સ્વાધ્યાય રૂપે સ્વ૦ શ્રી. ધર્માનંદજીએ આપ્યું હતું. આટલાં વરસ સુધી તે એમાં જ છૂટક પડી રહ્યું હતું. તેમાંથી પુસ્તક રૂપે હવે એ પ્રગટ થાય છે, એ આનંદની વાત છે.

આ રીતે પ્રગટ કરવાની પ્રેરણા શ્રી. ધર્માનંદજીના મિત્ર અને ગુણાનુરાગી શ્રી. લાડે આપી કહેવાય. ધર્માનંદજીના દેહાંત બાદ તેમની એક સ્મારક સમિતિ બની છે, તેમાં શ્રી. લાડ છે. તે સમિતિ એમનું સાહિત્ય મરાઠીમાં છપાવે છે. 'બોધિચર્યાવતાર'નું ઉપર્યુક્ત દોહન પુસ્તક રૂપે છપાવવું, એવી એમણે મને સૂચના કરી. તે મેં મારાં આવાં કાર્યોના સાથી ભાઈ ગોપાળદાસ પટેલને કહી. તેમણે કહ્યું કે, એ કામ કરવા જેવું છે, અને પડી રહ્યું છે, તે જરૂર પૂરું કરી શકાય. તેમણે એમાં શ્રી. મુકુલભાઈને રસ લેતા કર્યા. મુકુલભાઈએ પં૦ સુખલાલજીને એમાં ખેંચ્યા. પંડિતજી ધર્માનંદજીના પુરાતત્ત્વ મંદિર સમયના સાથી; તેમણે સહર્ષ એમાં સાથ આપ્યો અને આ અનુવાદને ફરી સાંભળી જઈ અભ્યાસપૂર્ણ ઉપોદ્‌ઘાત લખાવી પોતાના સદ્દગત સાથીનું જાણે કે તર્પણ કર્યું; મને એ લખી આપીને આ આવૃત્તિને શોભા અર્પી અમને આભારી કર્યા. મુકુલભાઈએ ધર્માનંદજીનું ટૂંકું જીવનચરિત જોડી આપી, આ પુસ્તકને વળી વધારે ઉપયોગિતા અર્પી. એમ આ ચોપડી તૈયાર થઈને છેવટે પુસ્તક રૂપે ગુજરાતી અભ્યાસી વર્ગને મળે છે, એ આનંદની વાત છે.

સ્વ૦ ધર્માનંદજીનો વિદ્યાપીઠ સંસ્થા પર પ્રેમસંબંધ ભારે હતો. કેટલીય વાર તે એકાંતમાં અભ્યાસ તથા લેખન ઇ૦ કરવાને માટે વિદ્યાપીઠમાં આવીને રહેતા. એમના બેએક અંતિમ પ્રબંધો અહીંયાં રહી



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમણે તૈયાર કરેલા; અત્યારે તે નથી ત્યારે આ એમની મરણોત્તર પ્રસિદ્ધ થતી પ્રસાદીને નિમિત્તે એની નોંધ લઉં છું.

શ્રી. લાડનો પણ અત્રે આભાર માનું છું. વાચક જોશે કે, પુસ્તકના પૂઠા ઉપર બે ચિત્રો મૂક્યાં છે. તે શ્રી. લાડની પ્રેરણા છે. આ ચિત્રો એમની સમિતિ તરફથી પ્રગટ થતા ધર્માનંદ સાહિત્યનાં પુસ્તકોને માટે તેમણે કરાવ્યાં છે. તે ચિત્રોને ગુજરાતીમાં પણ લેવાની સૂચના કરી તેમના બ્લૉક અમને વાપરવા આપ્યા, તેની અહીં સાભાર નોંધ લઉં છું.

આ પુસ્તક ‘શ્રી રાજચંદ્ર જયંતી માળા ’ના બીજા મણકા તરીકે પ્રગટ થાય છે. તેનો પહેલો મણકો ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ પણ શ્રી. મુકુલભાઇ એ જ તૈયાર કર્યો હતો. એ પરથી તે ગુજરાતી વાચકોને પરિચિત છે. તે વિદ્યાપીઠના સેવક હોઈ તેમનો આભાર માનવો ન ઘટે. છતાં પ્રેમ અને ઊલટથી શ્રમ લઈને આ કામ તેમણે કરી આપ્યું તેની મિત્રભાવે નોંધ લઉં છું. શ્રી ધર્માનંદજી, એમના નામ પ્રમાણે, એક ધર્માત્મા હતા. ‘બહુજનહિતાય, બહુજનસુખાય’ ધર્મ-કાર્ય કરતા રહેવામાં જ તેમને આનંદ હતો. અને એ એમણે પોતાની અપાર વિદ્વત્તા અને સતત અભ્યાસની વિભૂતિ દ્વારા, સાહિત્ય રચીને સૌને આપ્યો છે. આ પુસ્તકથી તેમાં ઉમેરો થાય છે, તે વાચકોને આવકારપાત્ર થશે એવી આશા છે.

૧૫–૩–’૫૫

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકાશકનું નિવેદન | | ૩ |
| પ્રસ્તાવના | [ અ૦ ધર્માનંદ કોસંબી ] | ૧ |
| શ્રી. ધર્માનંદ કોસંબીજી | [ મુકુલભાઈ કલાર્થી ] | ૩ |
| શાંતિદેવાચાર્ય અને અધ્યાપક કોસંબીજી | [ પંડિત સુખલાલજી ] | ૧૧ |
| **બોધિચર્યાવતાર** | | **૨૯** |


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ. શ્રી ... મહાવીર જૈન આરાધના કેન્દ્ર

# પ્રસ્તાવના

[ 'બોધિચર્યાવતાર'ના શ્લોકો 'પુરાતત્ત્વ'માં સ્વાધ્યાય રૂપે પ્રસિદ્ધ થયા હતા તે વખતે શ્રી. ધર્માનંદજીએ લખેલી આ પ્રસ્તાવના છે. સંપા૦]

બોધિ એટલે જગત્ ઉદ્ધારક તત્ત્વજ્ઞાન. તે માટે જે પ્રાણી પ્રયત્ન કરે છે તે બોધિસત્ત્વ. તેની ચર્યા એટલે આચરણને બોધિચર્યા કહે છે. તેની ચર્યામાં અવતાર એટલે પ્રવેશ તે બોધિચર્યાવતાર. અહીંયાં તેનો અર્થ બોધિસત્ત્વના આચરણમાં પ્રવેશ કરી આપનારો ગ્રંથ એવો થાય છે.

પાલિ ગ્રંથોમાં બોધિસત્ત્વે પ્રાપ્ત કરવાની દશ પારમિતાઓ કહેલી છે. તે આ પ્રમાણે :— દાનશીલ, નૈષ્કર્મ્ય, પ્રજ્ઞા, વીર્ય, શાન્તિ, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી અને ઉપેક્ષા. પણ મહાયાન ગ્રંથમાં છ પારમિતાઓ મળી આવે છે :— દાન, શીલ, ક્ષાન્તિ, વીર્ય, ધ્યાન અને પ્રજ્ઞા. સત્યનો શીલમાં; નૈષ્કર્મ્ય, મૈત્રી અને ઉપેક્ષાનો ધ્યાનમાં; અને અધિષ્ઠાનનો વીર્ય પારમિતામાં સમાવેશ થતો હોવાથી ઉપરની દશ પારમિતાઓનો આ છમાં સમાવેશ થઈ શકે છે.

બોધિચર્યા એટલે આ છ પારમિતાઓનું જ વર્ણન હોવું જોઈએ. પરંતુ શાન્તિદેવાચાર્યે ભિક્ષુઓ માટે આ ગ્રંથ લખેલો હોવાથી તેમાં દાન પારમિતાને વિશેષ મહત્ત્વ આપ્યું નથી. શીલ એટલે ભિક્ષુઓએ પાળવાના નિયમ. તે સર્વ ભિક્ષુઓ જાણતા જ હોય, એટલે તેનો વિસ્તાર ન કરતાં શીલપાલનને માટે અતિ આવશ્યક સ્મૃતિ ઉપર જ આચાર્યે વિશેષ ભાર દીધો છે. પાંચમો પરિચ્છેદ આ સ્મૃતિ ઉપર જ છે. અને અહીંથી જ બોધિસત્ત્વની ચર્યાનો ખરો આરંભ થાય છે એમ સમજવું જોઈએ. બાકી રહેલી ચાર પારમિતાઓનું વર્ણન અનુક્રમે





P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એની આગળના ચાર પરિચ્છેદમાં કરેલું છે. છેવટના પરિચ્છેદનું નામ ‘પરિણામ પરિચ્છેદ’ છે. અહીંયાં ‘પરિણામ’ શબ્દનો અર્થ ‘પોતાના પુણ્યના સર્વ પ્રાણીઓને ભાગીદાર કરવા’ એવો સમજવો.

આશરે સોળ વર્ષ પહેલાં બોધિચર્યાવતારના કેટલાક શ્લોકો મારા સ્મરણ માટે એક વહીમાં મેં લખી રાખ્યા હતા. તેમાં થોડો ફેરફાર કરી તે અહીંયાં સ્વાધ્યાયરૂપે આપવામાં આવે છે. આનો ગૂજરાતી અનુવાદ કરવામાં મારા મિત્ર શ્રી. રસિકલાલ પરીખે મદદ કરી છે.*

**ધર્માનંદ કોસંબી**

—‘પુરાતત્ત્વ’ પૃ૦ ૨; અંક ૩;
વૈશાખ પૂર્ણિમા સં. ૧૯૮૦.

---

* કેટલાક શ્લોકોનો અનુવાદ સરળ અને વધારે સ્પષ્ટ કરવા માટે પંડિત સુખલાલજી તથા ભાઈશ્રી ગોપાળદાસ પટેલની સહાયથી તેમાં થોડા ઘણા સુધારા કર્યા છે. જેમ કે, ૪, ૬, ૧૬, ૧૭, ૧૮ ઇત્યાદિ. વળી કેટલેક સ્થળે બૌદ્ધ પરિભાષા સમજવા માટે નીચે ટિપ્પણ ઉમેર્યું છે. **સંપા૦**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી. ધર્માનંદ કોસંબીજી

શ્રી. ધર્માનંદ કોસંબીજીનું જીવન એટલે આપબળે ઉન્નતિ સાધવાની અનિરુદ્ધ સાધના. એમના જીવનનું અનુશીલન કરવાથી કેટલાયે દુર્દૈવી પણ ઉત્સાહી તરુણોને પ્રેરણાત્મક બોધ તથા નવું આશ્વાસન મળ્યા વિના નહિ રહે. આજકાલના જમાનામાં ગામડાનો રખડેલ છોકરો હાઈસ્કૂલ કે કૉલેજની ઘરેડમાંથી પસાર થયા વિના અસાધારણ વિદ્વાન થઈ શકે છે, એ વાત કોઈના માનવામાં આવે એમ નથી. પરંતુ શ્રી. ધર્માનંદજીએ આપહિંમતથી અને સ્વાશ્રયી વૃત્તિથી એ વાત સિદ્ધ કરી બતાવી છે. તેથી 'બોધિચર્યા'માં પ્રવેશ માટે તેમનું ટૂંક ચરિત્ર* જાણવું એ યોગ્ય શરૂઆતરૂપ થશે.

શ્રી. ધમાનંદજીનો જન્મ ગોવાના સાસષ્ટ પ્રાંતમાં આવેલ સાખવળ ગામે તા. ૯મી ઑકટોબર ૧૮૭૬ને દિવસે થયો હતો. તેમનાં માતાનું નામ આનંદીબાઈ હતું અને પિતાનું નામ દામોદર હતું. તેમને એક ભાઈ અને પાંચ બહેનો હતી. ધર્માનંદજી સૌથી નાના હતા.

ગામનાં બધાં છોકરાં કરતાં ધર્માનંદજી નબળા હતા. આઠ નવ વર્ષના થયા ત્યાં સુધી તેમને બરોબર જમતાં પણ નહોતું આવડતું. પિતાને મોઢે કેટલાક લોકો ધર્માનંદજી વિષે કહેતા કે, 'આ છોકરો તમારા ઉપર ચોખ્ખો ભારરૂપ છે.' કોઈ પણ સાધારણ પિતાને પૂરેપૂરી નિરાશા ઊપજે એવા મંદ તો ધર્માનંદજી હતા જ; છતાં તેમના પિતાને આશા હતી કે તે મોટા થતાં હોશિયાર નીવડશે. એક વાર એક ગામડી જોશીએ ભવિષ્ય ભાખેલું કે, ધર્માનંદજી મોટા વિદ્વાન થશે; જોકે ધનવાન નહીં થાય. અને આ ભવિષ્યકથન ઉપર તેમના પિતાને સંપૂર્ણ આસ્થા હતી.

* શ્રી. ધર્માનંદજીએ પોતાનું આત્મચરિત્ર 'આપવીતી' લખ્યું છે. તેને આધારે ઘણીખરી માહિતી લીધી છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્માનંદજીને કેળવણી આપવા માટે તેમના પિતાને ભારે હોંશ હતી. પણ કેળવણી કેમ આપવી એની તેમને ખબર નહોતી. પહેલાં તો ધર્માનંદજી ઘરમાં જ પાટી ઉપર ધૂળ નાખી તે ઉપર કક્કો ઘૂંટતા શીખ્યા. ત્યાર પછી ત્રણ-ચાર જગ્યાએ છૂટક છૂટક તેમણે વિદ્યાભ્યાસ કર્યો અને તે પાંચમા ધોરણ સુધી જ અભ્યાસ કરી શક્યા.

ઈ. સ. ૧૮૯૧ની આખરે કે ૧૮૯૨ની શરૂઆતમાં તેમને ધીરે ધીરે વાંચવાનો શોખ લાગ્યો. એમાં કોઈની કશી ખાસ પ્રેરણા નહોતી. તેમનું મન આપમેળે જ વાચન તરફ વળ્યું. વાચનના વધવા સાથે તેમનો જીવન પ્રત્યેનો અસંતોષ પણ વધવા માંડ્યો હતો. એ અરસામાં જ ૧૮૯૨ના જૂન માસમાં તેમનાં લગ્ન થયાં. પરંતુ તેમનો અસંતોષ તો તીવ્ર બનતો જ ગયો. 'મારા જેવા ઢોરે જીવતા રહેવામાં પણ શો સાર? ઝેર પીને આ દુનિયાની મુસાફરી પૂરી કરી નાખવી એ શું બહેતર નથી?' એવા એવા વિચારો તેમને મનમાં તે કાળે ઊઠતા.

એ દરમિયાન તેમણે ગામમાં જેટલાં મળી શકે તેટલાં પુસ્તકો મેળવીને વાંચ્યાં. તેમને ઘેર સંત તુકારામની ગાથાની એક ચોપડી હતી. તેમનાં બહેન એમાંના અભંગ કોઈ કોઈ વાર વાંચતાં. તે પુસ્તક ધર્માનંદજીએ વાંચવાં માંડ્યું. અભંગ તે વખતે તેમને રુચ્યા નહિ. પરંતુ પુસ્તકના આરંભમાં આપેલ તુકારામ બુવાના ચરિત્રે તેમના મન ઉપર એવી તો છાપ પાડી કે, એ ચરિત્ર તે અનેક વાર વાંચી ગયા અને તેમણે તેમાંથી કેટલાય અભંગ મોઢે પણ કર્યા.

આ ચરિત્રે તેમની પીડા મટાડી. તેમને થયું, 'હું નિર્ધન હોવાથી દુઃખી રહું છું, પણ તુકારામ બુવાએ તો દેવાળાં જ કાઢ્યાં હતાં! હું અભણ છું તેથી એ વાતનો શોક કરું છું, પરંતુ તુકોબાને તો મારાથી દસમે હિસ્સે પણ ભણવાનાં સાધનો નહોતાં મળ્યાં! મારું લગ્ન થયું છે તેથી હું વિમાસણમાં પડી ગયો છું, પણ તુકોબા તો બે વખત પરણ્યા હતા! દુનિયાદારીમાં મારાથી અનેક ગણી મુશ્કેલીઓ તેમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી, છતાં પરમાર્થમાં તેમની ડાંફ કેટલી આગળ! દુનિયાનાં દુઃખો તેમને નુકસાનકર્તા ન નીવડતાં ઊલટાં લાભકર્તા જ લાગ્યાં! તો પછી મારે જ શું કરવા શોક કરવો? વિદ્યા અને ધન મેળવતાં ન આવડયું તો ભલે, પણ તુકોબાના જેવા સદ્‌ગુણો પણ મહેનત કરીને કેળવતાં ન આવડે શું? વૈરાગ્યરૂપી કવચ પહેરીને સત્યનિષ્ઠા આદિ સદ્‌ગુણરૂપી હથિયારો વડે શરીરના ષડ્‌રિપુ સાથે લડીશ, તો આજે નહિ તો કાલે જરૂર હું વિજયી થઈશ.' નામ કાઢવું, કીર્તિ મેળવવી એ બધું ભલે બાજુએ રહે, પણ તુકારામ મહારાજ જેવા સાત્ત્વિક તો બનવું જ એમ તેમને થવા લાગ્યું.

એ સમયમાં જ ધર્માનંદજીના મોટાભાઈ બહારગામ રહેવા ગયા; તેમ જ તેમના પિતાજી પણ વૃદ્ધ થઈ ગયા હતા, તેથી ઘરનો બધો કારભાર ધર્માનંદજી ઉપર પડચો. સોળમા વર્ષથી ઘરનો કારભાર તે ચલાવવા લાગ્યા.

સામાજિક સુધારણા, ધાર્મિક સુધારણા વગેરે વડે દેશહિત સાધવાના મનોરથ તેમને કદી ન જ થતા એમ ન હતું. પરંતુ એ બધું મનમાં જ શમી જતું. કારણ કે તેમના ગામમાં આવી પ્રવૃત્તિઓ કરવાનો માર્ગ ખુલ્લો ન હતો. ગામના લોકો જૂની રૂઢિઓમાં જકડાઈ ગયેલા હતા. આવી સ્થિતિ વચ્ચે ધર્મસુધારણા કે સમાજ-સુધારણા શક્ય જ નહોતાં. છતાં 'બનતું કરવાનો' તેમણે નિર્ધાર કર્યો હતો. સ્વદેશીના તે ભક્ત હતા. ગોવામાં સારાં સ્વદેશી કપડાં મળતાં નહિ, એટલે તેમને જાડાં, ઢંગધડા વગરનાં કપડાં વાપરવાં પડતાં. આવા વર્તનથી તે ઘણુંખરું ગાંડામાં ખપતા.

સંસ્કૃત શીખવાનો તેમને ઘણો શોખ હતો. પણ તે શીખવાની સગવડ ન હોવાથી તથા ઘર છોડીને લાંબો વખત દૂર દેશ રહેવું એ પણ અશક્ય હોવાથી તે બને એમ નહોતું. તોપણ ડૉ○ ભાંડારકરના સંસ્કૃત પુસ્તકનું મરાઠી ભાષાંતર લાવીને ધર્માનંદજી તે ભણી ગયા અને તેમણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રઘુવંશ'ના બીજા સર્ગમાંથી પચીસ ત્રીસ શ્લોકો મોઢે કર્યા. પણ એટલાથી સંસ્કૃતનું જ્ઞાન કેટલું મળે? બાકી, મરાઠી વાચન સતત ચાલુ હતું. જ્ઞાનેશ્વરી, મોરોપંતનું ભાગવત, આગરકરના નિબંધો, વર્તમાનપત્રો, માસિકોની વાર્તાઓ વગેરે જે કંઈ મળી આવે તે વાંચવું એ તેમનો ક્રમ હતો. એ કાળે આત્મોન્નતિ માટે આ સિવાય બીજું કશું સાધન નહોતું.

આખરે આ સ્થિતિથી થાકીને અને સંસ્કૃત શીખવાના ઉદ્દેશથી ૧૮૯૪ માં ધર્માનંદજી કોલ્હાપુર ગયા. ત્યાં તે મહાલક્ષ્મીના મંદિરમાં ઊતર્યા. પરંતુ વૃદ્ધ પિતાજી ખૂબ યાદ આવવા લાગ્યા. ભિક્ષા માગીને ગુજરાન ચલાવવા જેટલી તેમની હિંમત ન ચાલી. અંતે ગાંઠે હતા તે પૈસા ખૂટ્યા એ પહેલાં જ તે કોલ્હાપુર છોડી મડગાંવ પાછા ફર્યા.

આ તરફ આઠ દસ દિવસ સુધી તેમની કશી ભાળ ન લાગવાથી તેમના પિતાજી પણ મડગાંવ આવ્યા હતા. પિતાજીએ તેમને કહ્યું: 'જો તું ફરી વેળા આમ ઘર છોડી જતો રહીશ, તો તારી શોધ માટે મારે પણ આટલી વયે ઘર છોડી ભટકવું પડશે. આ વાતનો વિચાર કરીને તને ઠીક લાગે તેમ કર.' ધર્માનંદજીએ ત્યારથી ઘર છોડી જવાનો વિચાર તજી દીધો. પરંતુ થોડા વખત પછી પાછું એમનું મન મોળું પડ્યું; એટલે તે પાછા ઘર છોડીને ગોકર્ણ ચાલ્યા ગયા. ત્યાં અજાણ્યા પ્રદેશમાં નિર્વાહનું સાધન ન જડવાથી તે પાછા ઘેર આવ્યા; પણ તેમના મનની વ્યથા ઓછી ન થઈ. એક દિવસ તો તે જંગલમાં જ બેસી રહ્યા; અને પછી કોઈની પણ સાથે વાતચીત ન કરતાં એક ઓરડીમાં પુરાઈ રહેવા લાગ્યા.

થોડા વખત પછી તા. ૨૮મી ઑગસ્ટ ૧૮૯૮ને રોજ લકવાના ઊથલામાં તેમના પિતાજીનું એકાએક અવસાન થયું. ધર્માનંદજીની સ્થિતિ પણ તે વખતે જુદી જ હતી. દુનિયાના વ્યવહારમાં કેમે કર્યું ચિત્ત ચોંટે જ નહિ. આગલે વર્ષે ધર્માનંદજીએ 'બાલબોધ' નામના માસિકમાં ભગવાન બુદ્ધનું ચરિત્ર વાંચ્યું હતું. ત્યારથી જ બુદ્ધ ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની વધારે શ્રદ્ધા બેસતી ગઈ. તેમને દુનિયાદારીનો જેમ જેમ કંટાળો આવતો ગયો, તેમ તેમ તેમની આ શ્રદ્ધા દૃઢ થવા લાગી. 'બુદ્ધ જ મારું સર્વસ્વ છે', એમ તેમને લાગવા માંડ્યું. બુદ્ધની મૂર્તિ કલ્પી તેનું ધ્યાન ધરવું અને પેલા માસિકમાં છપાયેલું ચરિત્ર ફરી ફરી વાંચવું એવો ક્રમ તેમણે ચાલુ રાખ્યો. અને જીવતો રહ્યો તો બીજું બધું છોડી બુદ્ધના ધર્મનું જ્ઞાન સંપાદન કરીશ, એવો દૃઢ સંકલ્પ તેમણે કર્યો. ચાહે તેટલાં સંકટો આવો, ચાહે તેટલાં દુઃખ ભોગવવાં પડો, પણ બુદ્ધના ઉપદેશનું જ્ઞાન મને થયું એટલે મારો જન્મારો સાર્થક છે, એમ તેમને લાગવા માંડ્યું.

૧૮૯૮ ના નવેંબરના અરસામાં તેમને ખબર પડી કે, કોચીનના સારસ્વત લોકોએ ત્યાં એક નવી શાળા શરૂ કરી છે. એટલે ત્યાં જઈને અંગ્રેજી ભણીને તે મારફતે બુદ્ધ વિષે થોડુંઘણું જ્ઞાન મેળવવું, એવો વિચાર કરીને ધર્માનંદજી ૩૧ મી જાનેવારી ૧૮૯૯ ને દિવસે આગબોટ રસ્તે મેંગલોર ગયા. પણ ત્યાંથી પંદર જ દિવસમાં તે પાછા ઘેર આવ્યા.

પછી તેમણે દક્ષિણ તરફની મુસાફરીનો ખ્યાલ છોડી ઉત્તર તરફ જવાનો વિચાર કર્યો. પૂના એ મહારાષ્ટ્રનું કેન્દ્ર, એટલે ત્યાં કંઈ ને કંઈ સગવડ થશે, એમ તેમને લાગ્યું. એટલે ૧૮૯૯ ના નવેંબરના છેલ્લા અઠવાડિયામાં તે મડગાંવ ગયા. ત્યાં તેમના એક સગા પાસેથી વાટખર્ચીના પચીસેક રૂપિયા ભેગા કરીને, એક તાંબાનો લોટો તથા શેતરંજી એટલો જ સામાન સાથે લઈને, તે પૂના જવા ઊપડ્યા.

પૂના જવામાં તેમનો ખાસ હેતુ તો એ જ હતો કે, દિવસે કારકુનનું કે એવું બીજું કોઈ કામ કરી નિર્વાહ કરવો અને કોઈ શાસ્ત્રી પાસે રહી સંસ્કૃતનો અભ્યાસ કરવો. પણ એમાં તે ફાવ્યા નહિ. ડૉ૦ ભાંડારકરને પણ મળીને એ બાબતમાં તેમણે યથાશક્તિ પ્રયત્ન કર્યો હતો. બુદ્ધ-ધર્મનો અભ્યાસ કરવો છે, એ વાત ડૉ૦ ભાંડારકરને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમણે પ્રથમથી જ કહી હતી. ડૉ૦ ભાંડારકરે તેમને સમજાવ્યું કે, આ દેશમાં બુદ્ધ-ધર્મનું જ્ઞાન મેળવવાનું મુશ્કેલ છે. એને સારુ તો નેપાળ કે સિલોન જવું જોઈએ.

ધર્માનંદજીએ હવે નેપાળ ભણી જવાનો નિર્ધાર કર્યો. તેમણે એક ભાઈ પાસેથી બાર રૂપિયા ઉછીના લીધા. બે કપડાં પીળાં રંગાવી આણ્યાં હતાં તે પરિધાન કરી અને શિખાસૂત્રનો ત્યાગ કરી, તા. ૧ લી માર્ચ ૧૯૦૦ ને રોજ રાત્રે બાર વાગ્યા પછી ઊપડતી ટ્રેનથી તેમણે પૂના છોડયું. પૂનાથી તે ઈંદોર થઈ જેમ તેમ કરીને ગ્વાલિયર પહોંચ્યા.

ગ્વાલિયરની કૉલેજમાં જઈ ત્યાંના શાસ્ત્રીને સંસ્કૃત શીખવવા તેમણે વિનંતી કરી. પણ તે તેણે સ્વીકારી નહિ. તોપણ ધર્માનંદજીએ આ બાબતમાં જાતઉદ્યમથી જે કંઈ બની શકે એમ હતું તે કરવામાં કશું બાકી રાખ્યું નહિ. છેવટે ગ્વાલિયરથી કાશી જવાનો તેમણે નિશ્ચય કર્યો. પરંતુ કાશીમાં સંન્યાસીની માફક રહેવું શકય નહોતું. કારણ, ગ્વાલિયરના શાસ્ત્રીબુવાએ જેમ તેમને સંસ્કૃત શીખવવા ના પાડી, તેમ કાશીના શાસ્ત્રીઓ પણ કરે એ બીક હતી જ. એટલે તેમણે યજ્ઞોપવીત અને શિખા ધારણ કર્યાં. તારીખ ૨૦મી સપ્ટેમ્બરને રોજ તે કાશી પહોંચ્યા. ત્યાં તે શેણુવીમઠમાં રહ્યા. અન્નછત્રમાં જમીને તે ગંગાધર શાસ્ત્રીના મુખ્ય શિષ્ય નાગેશ્વર પંત ધર્માધિકારી પાસે સંસ્કૃત શીખવા લાગ્યા. અન્નછત્રમાં તેમને ખૂબ કષ્ટ વેઠવું પડતું અને અપમાન પણ સહન કરવું પડતું હતું.

એવામાં ૧૯૦૧ના માર્ચ આખરે કાશીમાં મરકી શરૂ થઈ. એક દિવસ ધર્માનંદજી તાવમાં સપડાયા. પણ નીલકંઠ ભટજી નામના એક જોડીદાર વિદ્યાર્થીની સારવારથી તે બચી ગયા.

ધર્માનંદજીનાં ધોતિયાં તદ્દન ફાટી ગયાં હતાં. હવે એકાદ મહિનો પણ તે વડે ચલાવવું મુશ્કેલ હતું. નવો ધોતીજોટો લાવવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્યાંથી? તેમની પાસે અમરકોષનું એક પુસ્તક હતું. એક ગુંસાઈને તેની જરૂર હતી, તેથી એ તેમણે સવા રૂપિયે તેને વેચી દીધું. તેમાંથી એક રૂપિયો ને બે આના આપી તેમણે પંચિયાંનો એક જોટો લીધો. પણ એ જોટો બહુ બહુ તો બે ત્રણ મહિના જ કામ આપે એવો હતો.

આખરે તેમણે એવો નિશ્ચય કર્યો કે, અન્નછત્રમાંથી રોજ એક પૈસો તેલનો મળે છે, તે તેલમાં ન ખરચતાં બચાવવો. અને એમ બે અઢી મહિને એકાદ રૂપિયો થાય, એટલે તેનું નવું પંચિયું લેવું. પણ દીવો શામાંથી બાળવો? અંતે તેમણે અને તેમના સાથી વિદ્યાર્થી નીલકંઠે ઠરાવ્યું કે, રાત્રે દીવે વાંચવાને બદલે મોઢે જેટલું આવડતું હોય તેનું પુનરાવર્તન કરી જવું. આમ તેમણે અંધારું વેઠીને પૈસા સંઘરવા માંડ્યા. એ બંનેએ આ રીતે ચાર ચાર આના એકઠા કર્યા. એવામાં મડગાંવમાં રહેતા પંઢરીનાથ વાળંદ તરફથી એક રજિસ્ટર કરેલ કાગળ આવ્યો. તેમાં દશ રૂપિયાની નોટ હતી! આમ એક ગરીબ માણસે ધર્માનંદજીને અણધારી મદદ મોકલાવી, જે તેમને શિયાળામાં બહુ ઉપયોગી થઈ પડી.

કાશીવાસ દરમ્યાન દુર્ગાનાથ નામના એક નેપાળી વિદ્યાર્થી સાથે તેમની મૈત્રી થઈ. દુર્ગાનાથ જ્યારે પોતાને ઘેર નેપાળ જવા તૈયારી કરવા લાગ્યો, ત્યારે ધર્માનંદજીને યાદ આવ્યું કે, ડૉ૦ ભાંડારકરે કહ્યું હતું કે, બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે નેપાળ જવું જોઈએ. એટલે આ તકનો લાભ લઈ તે પણ દુર્ગાનાથ સાથે નેપાળ જવા તૈયાર થયા.

પરંતુ નેપાળમાં બૌદ્ધધર્મની ખેદજનક સ્થિતિ જોઈને તેમનું મન ઉદ્વિગ્ન બની ગયું. નેપાળમાં રહેવામાં કશો લાભ નથી, એમ તેમને લાગ્યું. પણ હવે જવું ક્યાં? બૌદ્ધધર્મની શોધ થઈ શકતી નથી, તો પછી દુનિયામાં જીવીને પણ શું કરવું? આવા વિચાર તેમને આવવા લાગ્યા અને કેટલાક વખત સુધી તે સાવ વિચારશૂન્ય બની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયા. તેમણે પછી નેપાળમાંથી પાછા ફરવાનો વિચાર કર્યો. તેમને તે વખતે એકાએક યાદ આવ્યું કે, જો હું બુદ્ધગયા જાઉં, તો દૈવવશાત્ કોઈ બૌદ્ધ સાધુ જાત્રાએ ત્યાં આવી ચડ્યો હોય, તો તેની પાસેથી બૌદ્ધ ધર્મનું જ્ઞાન કઈ રીતે સંપાદન કરવું એ જાણી શકાશે. એટલે તે નેપાળથી બુદ્ધગયા જવા ઊપડ્યા.

ધર્માનંદજી ગયા પહોંચીને ત્યાંથી બુદ્ધગયા ગયા. બુદ્ધગયા બૌદ્ધોના તાબામાં હશે, એમ ધર્માનંદજી માનતા હતા; પણ ત્યાં તો જુદું જ જોવા મળ્યું. ત્યાંનો મઠ તો એક મહંતના તાબામાં હતો.

બીજે દિવસે ધર્માનંદજી બુદ્ધમંદિર જોવા ગયા. બુદ્ધની મૂર્તિના કપાળમાં એક મોટું ત્રિપુંડ કરેલું હતું! એ જોઈને તે નવાઈ પામ્યા. મંદિરની પાસે ધર્મપાલ નામના બૌદ્ધ ભિક્ષુ રહે છે, એવું તેમણે સાંભળ્યું હતું. એટલે તેમને મળવા તે ઉત્સુક હતા. પરંતુ ધર્મપાલ ત્યાં ન હતા. ત્યાં એક બીજો ભિક્ષુ હતો. તેણે કહ્યું કે, ધર્મપાલ તો સિલોન છે.

ધર્માનંદજી હજી સુધી જાણતા ન હતા કે, પાલિ ભાષા કયા પ્રકારની છે. તેમણે પેલા ભિક્ષુને એ વિષે પૂછ્યું, એટલે તેણે પોતાની પાસેના સિંહલી લિપિમાં લખાયેલા એક બૌદ્ધગ્રંથમાંથી કેટલાંક વાક્યો વાંચી સંભળાવ્યાં. તે સાંભળીને ધર્માનંદજી અત્યંત આનંદ પામીને બોલ્યા: "પાલિ ભાષા તો લગભગ સંસ્કૃત જેવી જ છે! તે શીખતાં મને જરાય વાર નહિ લાગે.'

પેલા ભિક્ષુએ ધર્માનંદજીને સલાહ આપી કે, 'તમે સિલોન જાઓ તો ત્યાં મોટમોટા પંડિતો છે. તે તમારી બધી શંકાઓનું સમાધાન કરી તમને બૌદ્ધ ધર્મગ્રંથો શીખવશે.'

ધર્માનંદજીએ કહ્યું: "હું સિલોન જવા તૈયાર છું. પણ મારી પાસે એક પૈસો પણ રહ્યો નથી! તો પછી હું સિલોન કઈ રીતે જાઉં?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સાંભળીને પેલા ભિક્ષુએ તેમને કલકત્તે જઈ ત્યાં આવેલી 'મહાબોધિ સભા' આગળ પોતાની ઇચ્છા દર્શાવવા કહ્યું.

ત્યાંથી ખૂબ મુશ્કેલીએ તે કલકત્તા પહોંચ્યા. પછી કલકત્તાથી તે સિલોન ગયા. ત્યાં ધર્મપાલને મળ્યા. ધર્માનંદજીને અંગ્રેજી કે સિલોનની ભાષા નહોતી આવડતી, એટલે બધું કામ ઇશારાથી જ તે કરતા.

સિલોનમાં ધર્માનંદજી વિદ્યોદય વિદ્યાલયમાં રહી બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. પરંતુ સિલોનમાં ખાવાની તેમને ખૂબ મુશ્કેલી પડવા લાગી. કારણ કે સિલોનના લોકો માંસમચ્છીનો ખાસ ઉપયોગ કરે, જે ધર્માનંદજી કદી ખાઈ શકે નહિ. સિલોનમાં તેમણે શ્રામણેરની દીક્ષા લીધી. તેમણે બૌદ્ધ ધર્મના અભ્યાસની સાથે સાથે અંગ્રેજી ભાષા પણ શીખવાનો પ્રયત્ન કર્યો.

સિલોનમાં તે વખત દરમ્યાન ધર્મદાસ નામનો એક પંજાબી વિદ્યાર્થી અભ્યાસ અર્થે આવ્યો. તે આવતાંવેંત સિંહલી લોકોના ખાણાથી કંટાળી ગયો. તેણે ધર્માનંદજીને કુશિનારાની ધર્મશાળાની માહિતી આપી અને કહ્યું કે, તમે હિંદુસ્તાન જઈ ત્યાં ભણવા જશો તો સગવડ મળશે. ધર્માનંદજી પણ સિલોનમાં બીમારીથી કંટાળી ગયા હતા અને તેમને ત્યાંનું ખાવાનું પણ માફક આવતું ન હતું. એટલે તેમણે કુશિનારા જવાનું નક્કી કર્યું.

ધર્માનંદજી સિલોનથી મદ્રાસ આવ્યા અને ત્યાં બૌદ્ધાશ્રમમાં ઊતર્યા. પરંતુ તેમને માટે કલકત્તા જવા જેટલી વ્યવસ્થા કોઈ કરી શક્યું નહિ. એટલે થોડો વખત તે મદ્રાસમાં જ રહ્યા. પરંતુ ત્યાંનો ખોરાક પણ તેમને માફક ન આવ્યો. એવામાં મદ્રાસમાં રહેતા કેટલાક બરમી વિદ્યાર્થીઓ સાથે તેમની ઓળખાણ થઈ. તે લોકોએ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું કહ્યું. બ્રહ્મદેશમાં અસંખ્ય વિહારો છે. એટલે ત્યાં જવાથી અભ્યાસ પણ સારી રીતે થઈ શકશે. વળી બ્રહ્મદેશ જવા માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાડાની જોગવાઈ કરવાનું પણ એ વિદ્યાર્થીઓએ માથે લીધું. એટલે ધર્માનંદજી બ્રહ્મદેશ જવા તૈયાર થયા.

મદ્રાસથી આગબોટમાં બેસી તે રંગૂન પહોંચ્યા અને બૌદ્ધવિહારમાં રહેવા લાગ્યા. ત્યાં તેમને એક જર્મન શ્રામણેર જોડે મિત્રાચારી થઈ. તેનું નામ જ્ઞાનત્રિલોક હતું. તેની સાથે ધર્માનંદજીને ઠીક ફાવી ગયું.

રંગૂનમાં ધર્માનંદજીએ બૌદ્ધભિક્ષુની દીક્ષા લીધી. રંગૂનમાં પણ ખોરાકની હાડમારીને કારણે તેમની તબિયતને ભારે ધક્કો પહોંચ્યો. અતિસારનો રોગ વારંવાર લાગુ પડવા લાગ્યો. એટલે બ્રહ્મદેશ છોડી તે કુશિનારા જવા વિચારવા લાગ્યા. પરંતુ બ્રહ્મદેશના બૌદ્ધ લોકો તેમને એ બાબતમાં મદદ કરવા તૈયાર ન થયા. તે વખતે ચટગાંવના કેટલાક બૌદ્ધ વેપારી રંગૂનમાં રહેતા હતા. તેમની જોડે ધર્માનંદજીને થોડી ઓળખાણ હતી. એ લોકોને તેમણે પોતાનો વિચાર જણાવ્યો, એટલે તેઓ તેમને કલકત્તા સુધીનું આગબોટનું ત્રીજા વર્ગનું ભાડું આપવા કબૂલ થયા.

ધર્માનંદજી રંગૂનથી કલકત્તે આવી, બૌદ્ધભિક્ષુને વેશે કુશિનારા તરફ જવા ઊપડ્યા. ૧૯૦૪ના જાનેવારી માસમાં તે કુશિનારા પહોંચ્યા. ત્યાં તેમણે એક બે અઠવાડિયાં ધર્મશાળાની ઓરડીમાં એકાંતમાં ગાળ્યાં, અને બીજા બે અઢી મહિના બુદ્ધના મંદિરની પાછળના ખંડેરમાં ઊગેલા એક જંગલી ઝાડ નીચે પસાર કર્યા.

૧૯૦૪ના એપ્રિલમાં ધર્મપાલ જાપાન, અમેરિકા વગેરે દેશ ફરીને કાશી આવ્યા. ત્યાં તેમણે એક ઔદ્યોગિક શાળા સ્થાપવા પ્રયત્ન કર્યો. તેમના એક બે કાગળ ધર્માનંદજી ઉપર આવ્યા. એટલે ધર્માનંદજી કાશી જઈ તેમને મળ્યા. કાશીમાં બૌદ્ધધર્મશાળાની નજીકના એક વડ નીચે તેમણે એક બે અઠવાડિયાં ગાળ્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી ધર્માનંદજીએ રાજગૃહ, શ્રાવસ્તી, કપિલવસ્તુ, લુંમ્બિનીવન વગેરે બૌદ્ધક્ષેત્રોની યાત્રા પણ કરી. ત્યાર બાદ કુશિનારા પાછા આવીને તે બ્રહ્મદેશ ફરીથી જવા ઊપડ્યા.

૧૯૦૪ના જાનેવારીથી ૧૯૦૬ના જાનેવારી સુધીનાં બે વર્ષ તેમણે દેશાટનમાં વીતાવ્યાં. ચિત્તની એકાગ્રતા કરવાનો ધીરે ધીરે મહાવરો થવાથી 'અભિધર્મ' જેવા અઘરા ગ્રંથો પણ ભણી જવામાં તેમને વાર ન લાગી. ફુરસદના વખતમાં અનેક પાલિ ગ્રંથો તેમણે વાંચ્યા. 'વિશુદ્ધિમાર્ગ'ના આરંભના એક બે ભાગ તો તેમણે બે ત્રણ વખત વાંચ્યા. આ ઉપરાંત અનેક પ્રદેશો જોવાની અને અનેક સ્થવિરોના સમાગમની તેમને તક મળી અને તે દ્વારા દુનિયાનો ઠીક અનુભવ મળ્યો.

ગોવા છોડ્યું ત્યારથી તે બ્રહ્મદેશ છોડી ૧૯૦૬ના જાનેવારીમાં કલકત્તે આવ્યા, ત્યાં સુધીના તેમના દિવસો શિક્ષણમાં જ વીત્યા એમ કહી શકાય. આ બધો સમય બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવું, એ એક જ ધ્યેય તેમની આંખ સામે હતું. પરંતુ હવે બૌદ્ધ ધર્મના જ્ઞાનનો પ્રચાર કરવા સારુ કંઈક મહેનત કરવી જોઈએ, એવી ઇચ્છા તેમને થવા લાગી. કલકત્તે આવ્યા પછી ઉમરાવતી જઈ ત્યાં થોડો વખત રહેવું અને પછી બને તો પૂના તરફ જઈ કંઈક મહેનત કરી જોવી, એવો વિચાર તેમણે કર્યો. પરંતુ કલકત્તે આવ્યા પછી જુદી જ રીતે એ વિચાર અમલમાં મુકાતો ગયો.

કલકત્તામાં શ્રી. હરિનાથ દે વગેરે મોટા વિદ્વાનોના પરિચયમાં તે આવ્યા. હરિનાથ દે તો એમની પાસે પાલિ શીખ્યા પણ ખરા. પછી ધર્માનંદજીને સિક્કીમ તરફ જઈ ને બૌદ્ધ ધર્મનો વધારે પરિચય મેળવવાનું મન થયું. એટલે તે સિક્કીમ ગયા.

સિક્કીમથી તે કલકત્તા પાછા આવ્યા. ત્યાં ૧૯૦૬ના ઑગસ્ટ મહિનાની ૧૫ મી તારીખે નેશનલ કૉલેજ ઊઘડી ત્યારથી ધર્માનંદજી ત્યાં પાલિના અધ્યાપકનું કામ કરવા લાગ્યા. નેશનલ કૉલેજના આચાર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી અરવિંદ ઘોષ હતા. પણ ટૂંક વખતમાં જ 'વંદે માતરમ્' પત્રના કેસમાં તેઓ પકડાયા. ધર્માનંદજીને પણ પછી કલકત્તામાં બરોબર ફાવ્યું નહિ. એટલે ૧૯૦૬ના ઑક્ટોબરમાં તેમણે ગોવા જવાનો વિચાર કર્યો. કલકત્તાથી તે મુંબઈ આવ્યા. ડૉ૦ ભાંડારકર વગેરેને મળ્યા. ત્યાંથી ગોવા ગયા. એવામાં કલકત્તા યુનિવર્સિટીનું નિમંત્રણ આવવાથી પત્ની સાથે તે કલકત્તા આવ્યા. કલકત્તામાં તે દરમ્યાન શ્રી. સયાજીરાવ ગાયકવાડ આવ્યા હતા. તેમની ધર્માનંદજીએ મુલાકાત લીધી. શ્રી. સયાજીરાવે તેમને વડોદરા આવવાનું નિમંત્રણ આપ્યું.

પરંતુ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું થયું. બ્રહ્મદેશથી કલકત્તા આવી છેવટે તે પૂના રહ્યા. ત્યાં 'વિશુદ્ધિમાર્ગ'નો ઘણો ભાગ તેમણે દેવનાગરી લિપિમાં લખી કાઢ્યો. 'બોધિચર્યાવતાર'નું મરાઠી ભાષાંતર લખ્યું. અને વચ્ચે વડોદરામાં જુદી જુદી જગ્યાએ પાંચ વ્યાખ્યાનો આપ્યાં, તેમાંનાં ત્રણ વ્યાખ્યાનો 'બુદ્ધ, ધર્મ અને સંઘ' નામે પુસ્તકરૂપે છપાઈને પ્રસિદ્ધ થયાં છે.

૧૯૧૦ના ફેબ્રુઆરી મહિનામાં ડૉ૦ વુડ્સ તરફથી તેમના ઉપર અમેરિકા આવવાનો કાગળ આવ્યો. હારવર્ડ યુનિવર્સિટીમાં સ્વ. મિ. વૉરને શરૂ કરેલ 'વિશુદ્ધિમાર્ગ'ના સંશોધન કાર્યને અંગે તેમની મદદની જરૂર હતી. એટલે ધર્માનંદજી અમેરિકા ગયા.

પરંતુ સંપાદન-કાર્યની બાબતમાં વાંધો પડવાથી ધર્માનંદજી પાછા સ્વદેશ આવ્યા. અમેરિકાથી પાછા ફર્યા બાદ ધર્માનંદજીએ પોતાના પિતાનું કરજ ફેડ્યું. અને નિર્વાહ ચલાવવા સિવાય પૈસા ભેગા કરવાની હવે કશી જ ઇચ્છા ન હોવાથી તેમણે પૂનામાં 'ડેક્કન એજ્યુકેશન સોસાયટી'માં જોડાઈ જરૂરજોગા વેતન પર કામ કરવા માંડ્યું. વળી તેમણે ડૉ૦ ભાંડારકરના વખતમાં માથાકૂટ કરીને પાલિ ભાષાને મુંબઈ યુનિવર્સિટીમાં પણ દાખલ કરાવી. તેમની તે ભાષાની અદ્વિતીય વિદ્વત્તાને કારણે તેમને પાલિ ગ્રંથોના સંપાદન-કાર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંગે ફરીને ૧૯૧૮–૨૨, ૧૯૨૬–૨૭ અને ૧૯૩૧–૩૨ની સાલ દરમ્યાન અમેરિકાનું નિમંત્રણ મળ્યું હતું. વળી અધ્યાપન-કાર્ય અંગે રશિયાની લેનિનગ્રેડ યુનિવર્સિટીમાં પણ ૧૯૨૯–૩૦માં રહ્યા હતા અને ત્યાં પ્રો૦ શેરબર્ટ્સ્કીને તેમણે બૌદ્ધ ગ્રંથોના સંપાદનકાર્યમાં મદદ કરી હતી.

દરમ્યાન પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં પાલિના અધ્યાપક તરીકે ૭ વર્ષ (૧૯૧૨–૧૮) કામ કરીને શ્રી. રાજવાડે, શ્રી. બાપટ વગેરે જેવા કેટલાક સારા પાલિ વિદ્વાનો તેમણે તૈયાર કર્યા. ૧૯૨૨માં અમેરિકાથી પાછા આવી ત્રણ વર્ષ તે 'ગૂજરાત વિદ્યાપીઠ'ના પુરાતત્ત્વ મંદિરમાં જોડાયા, અને ત્યાં તેમણે અધ્યાપન તેમ જ લેખન કાર્ય કર્યું. ૧૯૨૭માં અમેરિકાથી પાછા આવ્યા બાદ પણ તે ગૂજરાત વિદ્યાપીઠમાં ફરીથી રહ્યા, ત્યારે તેમણે બીજાં એકેક ઉપયોગી પુસ્તકો તૈયાર કર્યાં.* ૧૯૩૦માં રશિયાથી તે પાછા આવ્યા ત્યારે તો દાંડી-કૂચનો ઐતિહાસિક જમાનો આવી ગયો હતો. ધર્માનંદજી તરત સત્યાગ્રહી સ્વયંસેવક તરીકે મુંબઈ ખાતે જોડાયા અને ૧૯૩૦માં વિલેપારલેમાં તેમને દોઢ વર્ષની સખત કેદની સજા થઈ. જોકે, તે સજા પાછળથી ગેરકાયદેસર ઠરતાં બે માસમાં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.

ઈ. સ. ૧૯૩૪ની સાલમાં છએક મહિના બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અતિથિ તરીકે રહ્યા બાદ તે કાશી વિદ્યાપીઠમાં પોતાને માટે બાંધી આપેલા મકાનમાં રહેવા લાગ્યા. પછી મુંબઈના મિલ-

---

* શ્રી ધર્માનંદજીનાં ગુજરાતીમાં નીચે મુજબ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે:—

બુદ્ધ, ધર્મ અને સંઘ (૧૯૧૧); બુદ્ધલીલાસારસંગ્રહ (૧૯૨૩) [પછી એ જ પુસ્તક 'બુદ્ધલીલા' નામે પ્રસિદ્ધ થયું છે.]; ધમ્મપદ (૧૯૨૪); આપવીતી, સમાધિમાર્ગ, બૌદ્ધસંઘનો પરિચય (ત્રણે પુસ્તકો ૧૯૨૫); સુત્તનિપાત, ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદો [મજ્ઝિમનિકાય] (બંને પુસ્તકો ૧૯૩૧); બુદ્ધચરિત, હિંદી સંસ્કૃતિ અને અહિંસા (બંને પુસ્તકો ૧૯૩૭); અભિધર્મ (૧૯૪૪).

श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મજૂરોમાં કામ કરવાને માટે શ્રી. જુગલકિશોર બિરલાની મદદથી તેમણે 'બહુજન વિહાર'ની ઈ. સ. ૧૯૩૭માં સ્થાપના કરી હતી. પછી છેવટના દિવસોમાં તે સંસારત્યાગી ભિક્ષુકની રીતે સારનાથ, કાશી વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ વગેરે ઠેકાણે મુખ્યત્વે અધ્યયન–અધ્યાપન, લેખન ઇત્યાદિ કાર્યો શક્તિ અનુસાર કરતા રહ્યા હતા. તેમ કરતાં પણ તેમનું શરીર જ્યારે કામ દેતું મંદ પડવા લાગ્યું, ત્યારે તેમને થયું કે, હવે મારું જીવનકાર્ય પૂરું થવા આવ્યું છે. એટલે પોતે ત્યાગેલાં સગાંસંબંધી કે નવા ઊભા થયેલા સ્નેહીસંબંધીના ઉપર પોતાના મરણોન્મુખ શરીરની સારવારનો બોજો ન પડે એ ઇરાદાથી તેમણે આમરણાંત અન્નત્યાગ કર્યો. જોકે, ગાંધીજીની સલાહથી, અને તેમનું કહેવું તો માથે ચડાવવું જ જોઈએ એ ભાવનાથી ધર્માનંદજીએ ૧૯ ઉપવાસ કરીને પારણું કર્યું. પછી કાશીમાં આવી સ્વાસ્થ્ય મેળવી તે વર્ધા ગયા. ભિક્ષુજીવન ગાળનારે સગાંસંબંધીનો આશ્રય છેવટની વેળાએ પણ શા માટે રાખવો, એમ વિચારી ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં તે ગયા હતા. ત્યાં તેમણે શાંતિથી, સ્વસ્થતાથી અને નિરાગ્રહી વૃત્તિથી જેઠ સુદ પૂર્ણિમાને રોજ એટલે કે ૧૯૪૭ના જૂન માસની ચોથી તારીખે દેહત્યાગ કર્યો. આમ આપબળે પોતાની ઉન્નતિ સાધીને તથા બૌદ્ધધર્મના મિશનરીનું ધગશભર્યું કાર્ય અંત સુધી કરીને સાધુ પંડિત શ્રી. ધર્માનંદ કોસંબીજીએ પોતાના જીવનને સાર્થક કર્યું.

મુકુલ કલાર્થી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શાંતિદેવાચાર્ય અને અધ્યાપક કોસંબીજી

બૌદ્ધ વિદ્વાન શાંતિદેવાચાર્ય, તિબેટન ઇતિહાસકાર તારાનાથના કહેવા પ્રમાણે, સૌરાષ્ટ્રના નિવાસી હતા. એમની જીવનવિષયક અન્ય માહિતી કેટલી યથાર્થ છે અને કેટલી અધૂરી છે તેની ચોકસાઈ કરવાનું કામ સરળ નથી. પણ એટલું ખરું કે, તે લગભગ સાતમા સૈકામાં થયેલા. મને એમનો સીધો પરિચય એમના બે ગ્રંથો દ્વારા થયેલો છે. એમના ત્રણ ગ્રંથો પૈકી 'સૂત્રસમુચ્ચય' મેં જોયો નથી. કદાચ સંસ્કૃતમાં અદ્યાપિ સુલભ પણ નથી. પરંતુ 'શિક્ષાસમુચ્ચય' અને 'બોધિચર્યાવતાર' એ બે ગ્રંથો એકાધિક વાર સાંભળ્યા છે.

'શિક્ષાસમુચ્ચય' તો અનેક મહાયાની સંસ્કૃત ગ્રંથોનાં અવતરણો અને નામોલ્લેખોથી ભરપૂર છે. એ જોતાં મારા મન ઉપર ન ભૂંસાય એવી છાપ એ પડી છે કે, શાંતિદેવ બહુશ્રુત અને મહાયાન પરંપરાના અસાધારણ વિદ્વાન હતા.

અહીં શાંતિદેવના 'શિક્ષાસમુચ્ચય'માંના ભિક્ષુ માટે માંસ કલ્પ્યે છે કે નહીં એ વિષેના, વિચારનો નિર્દેશ કરવો ઉચિત ધારું છું. તે ઉપરથી તેમની સમન્વયલક્ષી દૃષ્ટિનો પણ ખ્યાલ આવશે. બૌદ્ધ પરંપરામાં ચર્ચા હતી કે, બુદ્ધે માંસભક્ષણ કર્યું હતું કે નહીં. સ્થવિરવાદી પક્ષ એનું સમર્થન કરતો. કેટલાક મહાયાની ભિક્ષુઓ તેનો અર્થ જુદી રીતે ઘટાવી માંસભક્ષણનો વિરોધ કરતા. 'લંકાવતાર' જેવાં સૂત્રોમાં માંસનો નિષેધ છે; છતાં બીજા મહાયાનીઓ એ નિષેધ ન માનતા. એવી વિવાદ-ભૂમિ વખતે શાંતિદેવે 'શિક્ષાસમુચ્ચય'માં એ પ્રશ્નને યોગ્ય ન્યાય આપવા પ્રયત્ન કર્યો છે. તેઓ કહે છે કે, કોઈ અસાધારણ સમાધિમાર્ગપ્રચારક ભિક્ષુ માંસસેવન વડે બચી જતો હોય, તો અપવાદ તરીકે ઔષધની જેમ એનો ઉપયોગ કરી શકાય; પણ સામાન્ય નિયમ પ્રમાણે તો માંસ વર્જ્ય ગણાવું જોઈએ.





P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આં નિર્ણય આપતી વખતે શાંતિદેવે અનેક બૌદ્ધ ગ્રંથોનો આધાર લીધો છે. મેં શાંતિદેવના આ વિચારની તુલના જૈન પરંપરામાં એવા જ વિષયને લગતા વિવાદના નિર્ણય વખતે મારા એક નિબંધમાં કરી છે; જે નિબંધ હિંદીમાં 'શ્રી જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ' (કાશી) તરફથી પ્રકાશિત થયેલી પત્રિકા નં. ૧૪–૧૫ રૂપે પ્રસિદ્ધ થયો છે.

શાંતિદેવનો બીજો ગ્રંથ છે 'બોધિચર્યાવતાર'. તે છે પદ્યબંધ. એના ઉપરની અનેક ટીકાઓ પૈકી માત્ર પ્રજ્ઞાકરમતિની પંજિકા મુદ્રિત છે તે જોઈ છે. 'બોધિચર્યાવતાર'ના દશ પરિચ્છેદો છે, ને તે પ્રવાહબદ્ધ સંસ્કૃત પદ્યરચના છે. પ્રજ્ઞાકરમતિએ પંજિકામાં જે શાસ્ત્ર-દોહન અને સૂક્ષ્મ ચર્ચાઓ ગોઠવી છે, તે 'બોધિચર્યાવતાર'ની મહત્તામાં ખરેખર વધારો કરે છે.

'બોધિચર્યાવતાર'નો નવમો પરિચ્છેદ તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ છે. અને એ શૂન્યવાદીનું માયાવાદીને મળતું તત્ત્વજ્ઞાન તત્ત્વજ્ઞોને અનેક વિચારબિંદુઓ પૂરાં પાડે છે. પરંતુ શાંતિદેવની વેગભરી કવિતાશક્તિ તો પારમિતાઓના વર્ણનમાં મુક્ત વિચરે છે. તે ઉત્તમ કાવ્યનો આસ્વાદ પૂરો પાડવા ઉપરાંત ઉત્ક્રાંતિશીલ જીવન જીવવાની વ્યવહારુ પ્રેરણા આપે છે. આધ્યાત્મિક સાધકે કયા કયા ગુણોનો કઈ કઈ રીતે વિકાસ કરવો, એ બધું કાવ્યમાં તાદૃશ રજૂ થાય છે. જોકે, શાંતિદેવ બૌદ્ધ ભિક્ષુ હોઈ તેમની પ્રસ્તુત કવિતા બુદ્ધ અને બોધિસત્ત્વ જેવાં સાંપ્રદાયિક નામો સાથે સંકળાયેલી છે. પરંતુ એનો ભાવ તદ્દન અસાંપ્રદાયિક છે. એટલે કોઈ પણ સાધક પોતાને ઇષ્ટ એવા ઉપાસ્યને નજર સામે રાખી તે ક્રમનો જીવનમાં ઉપયોગ કરી શકે. આ રીતે જોતાં શાંતિદેવે વર્ણવેલી પારમિતાઓ એ માનવમાત્રે સાધવા જેવી સિદ્ધિઓ છે.

શાંતિદેવે પોતાની કવિતામાં મહાયાન ભાવના રજૂ કરી છે. મહાયાન ભાવના એટલે માત્ર પોતાના મોક્ષમાં કે પોતાની દુઃખ-મુક્તિમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંતોષ ન માનતાં સમગ્ર જગતની મુક્તિ માટે ભાવના સેવવી અને પ્રયત્ન કરવો તે. એ કારણે જ શાંતિદેવ કહે છે કે, જો જગતનાં પ્રાણીઓ દુઃખમાં ગરક હોય અને નરકવાસીઓ વેદના અનુભવતા હોય, તો નીરસ મોક્ષની મારે કશી જરૂર નથી.[1] તેથી જ શાંતિદેવ સમત્વની ભાવનાની ખિલવણી કરવા માટે કહે છે કે, પ્રારંભમાં બીજા અને પોતા વચ્ચે આદરપૂર્વક સમતાની ભાવના પોષવી; તે એવી રીતે કે, મારે પોતાએ સુખદુઃખ બધાંનાં સરખાં છે એમ સમજી બધાંને પોતાની જ પેઠે ગણવાં.[2]

ખરી રીતે તથાગત બુદ્ધે બ્રહ્મવિહારરૂપે મૈત્રી આદિ ચાર ભાવનાઓનો ભારપૂર્વક વારંવાર ઉપદેશ કર્યો, ત્યારે તેમણે સમગ્ર વિશ્વમાં મૈત્રીયુક્ત ચિત્તને ભરી દેવાનું કહ્યું અને એવી મૈત્રીને પરિણામે જગતવ્યાપી કરુણા આચરવાનું પણ કહ્યું. શાંતિદેવ એ જ બ્રહ્મવિહારના તંતુને મહાયાન ભાવના રૂપે પોતાની કવિતામાં ગૂંથે છે.

જેમ ગાંધીજીની દૈનિક પ્રાર્થનામાં—

न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनाम् आर्तिनाशनम् ।।

—એ મૈત્રી અને કરુણાપૂર્ણ ભાવના આવે છે, તેમ જ શાંતિદેવે 'બોધિચર્યાવતાર'માં એવી ભાવના કવી છે. 'બોધિચર્યાવતાર' વાંચતાં એ છાપ નથી પડતી કે શાંતિદેવ શૂન્યવાદી છે; પણ છાપ એ ઊઠે છે કે, તેમની ધગશ આખા વિશ્વનું કલ્યાણ કરવાની છે અને તે માટે જોઈતા સદ્દગુણો કેળવવાની છે.

અધ્યાપક કોસંબીજી આમ તો સ્થવિરમાર્ગી બૌદ્ધ પરંપરાના અનન્ય અભ્યાસી અને પાલિ વાઙ્મયના પારદર્શી વિદ્વાન હતા. પણ તેમનામાં મેં જે મૈત્રી અને કરુણા વૃત્તિનો ઉદ્રેક જાતે અનુભવ્યો છે, તેની શાંતિદેવના તેવા ઉદ્રેક સાથે તુલના કરું છું તો કહ્યા સિવાય

૧. સરખાવો :– 'બોધિચર્યાવતાર' આઠમો પરિચ્છેદ, શ્લોક ૧૦૭–૧૦૮.
૨. 'બોધિચર્યાવતાર' આઠમો પરિચ્છેદ, શ્લોક ૯૦ અને ૯૪.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહી નથી શકાતું કે, કોસંબીજી ખરા અર્થમાં મહાયાની હતા અને જાણે કે શાંતદેવનું નવું સ્વરૂપ ન હોય! આવી કોઈ અકળ સમાનતાને લીધે જ કોસંબીજીનું ધ્યાન 'બોધિચર્યાવતાર' તરફ ગયેલું. અને તેમણે તેનો મરાઠી ભાષામાં અનુવાદ ઈ. સ. ૧૯૦૯ના અરસામાં કરેલો. ત્યાદ બાદ ઈ. સ. ૧૯૨૪ના અરસામાં કોસંબીજીએ 'બોધિચર્યાવતાર'ના કેટલાક શ્લોકો ગુજરાતી અનુવાદ સાથે 'પુરાતત્ત્વ'માં પ્રસિદ્ધ કર્યા હતા. તે શ્લોકો અનુવાદ સાથે આ પુસ્તિકામાં નવું સંસ્કરણ પામે છે.

'પુરાતત્ત્વ' એ ત્રૈમાસિક હતું; વળી તે હાલ સૌને સુલભ પણ ન હોય. એટલે એ શ્લોકો ગુજરાતી અનુવાદ સાથે લઘુ પુસ્તિકા રૂપે સૌને સુલભ થાય છે એ બહુ અગત્યનું છે. તે દૃષ્ટિએ ગૂજરાત વિદ્યાપીઠની સૂચનાથી શ્રી. મુકુલભાઈએ આ સંસ્કરણ તૈયાર કર્યું છે; અને તે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાળાના બીજા મણકા રૂપે પ્રસિદ્ધ થાય છે તે પણ યોગ્ય છે. શ્રીમદ્ પોતે આધ્યાત્મિક સાધક હતા. તેમને મન સદ્ગુણોની જ કિંમત હતી, અને તેમનું મન સંપ્રદાયથી પર હતું. એટલે તેમના નામ સાથે આવું એક લઘુ પણ નિત્યપાઠ્ય પુસ્તક ગૂજરાત વિદ્યાપીઠ પ્રસિદ્ધ કરે તે આવકારદાયક છે. હું એમ માનું છું કે, ધર્મની ઉત્તરોત્તર વધતી જતી વ્યાપક ભાવના સાથે આ પારમિતાઓનો પૂરેપૂરો સુમેળ છે.

પ્રો૦ વિન્ટરનિત્ઝે શાંતિદેવ વિષે લખ્યું છે.[૧] તેમણે 'બોધિચર્યાવતાર'ને લક્ષીને જે વર્ણન કર્યું છે, તે તેમના મન ઉપર શાંતિદેવ વિષે કેવી અસર થયેલી એનો પુરાવો છે. આવા એક ગ્રંથનું સળંગ ભાષાંતર ગુજરાતીમાં હોય તો તે ઇચ્છવા જેવું છે; પણ એવો સમય આવે તે પહેલાં પ્રસ્તુત લઘુ પુસ્તિકા ગુજરાતી વાચકોને શાંતિદેવ તરફ આકર્ષિત કરશે એ નિઃશંક છે.

---

૧. જુઓ A History of Indian Literature Vol. II

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

મહાયાની ભાવનાની આપણા દેશના અનેક સંપ્રદાયો ઉપર ભારે અસર થઈ છે. ભગવદ્‌ગીતા ખરી રીતે ભાગવત પરંપરાને આશરી અનાસક્ત કર્મયોગનો ઉપદેશ કરે છે, ત્યારે તે પોતાની રીતે આવી ભાવના જ ઉપસ્થિત કરે છે.

એ જ રીતે શાંતિદેવ પછી લગભગ સો વર્ષ બાદ થયેલ સુપ્રસિદ્ધ જૈન આચાર્ય હરિભદ્ર પણ મહાયાની ભાવનાથી રંગાયેલા છે. આમ તો જૈન પરંપરા વૈયક્તિક મોક્ષવાદી જ રહી છે. તેમ છતાં શાંતિદેવ જેવાના ગ્રંથોમાંની મહાયાની ભાવનાએ હરિભદ્રનું મન જીત્યું લાગે છે. આનો પુરાવો એમના 'યોગબિંદુ' ગ્રંથમાં છે. હરિભદ્ર જૈન પરંપરાસંમત ભિન્નગ્રંથી અર્થાત્ જેણે મોહગ્રંથી તોડી હોય એવા સમ્યક્-દૃષ્ટિ સાધકની બૌદ્ધસંમત બોધિસત્ત્વ સાથે તુલના કરે છે; અને કહે છે કે, જો ભિન્નગ્રંથી સાધક જગદુદ્ધારનો સંકલ્પ કરે, તો તે તીર્થંકર — સર્વોદ્ધારક — થાય છે; અને જો સ્વજન આદિનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કરે તો તે ગણધર — તીર્થંકરનો અનુગામી — થાય છે; અને જો પોતાના જ ઉદ્ધારનો સંકલ્પ કરે તો તે મુણ્ડકેવલી — માત્ર આત્મ-કલ્યાણ કરનાર — થાય છે.[1]

હરિભદ્રનું આ કથન સ્પષ્ટ સૂચવે છે કે, આત્મોદ્ધારની ભાવના કરતાં સર્વોદ્ધારની ભાવના એ જ ચડિયાતી અને સ્પૃહણીય છે. આ ભાવનાનું બીજું નામ એ જ મહાયાન ભાવના. એક રીતે હરિભદ્રે તુલના કરી, પણ બીજી રીતે મહાયાન ભાવનાનું પ્રાધાન્ય દર્શાવ્યું; જે જૈન પરંપરાએ પણ ધડો લેવા જેવું છે.

હવે રાજકારણ, સમાજકારણ કે અર્થકારણ એકેએક ક્ષેત્રમાં સંકુચિત થયે પોસાય તેમ નથી. એવી સ્થિતિમાં જો ધર્મ પણ પંથ અને સંપ્રદાયની સંકુચિત સીમાઓમાં પુરાઈ તદનુસારી જ વિચાર–આચાર કરે તો તે પણ હવે ટકી ન શકે. ગાંધીજીએ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મહાયાની માનસ જીવી બતાવ્યું છે; અને આજે આપણે જોઈએ

૧. જુઓ 'યોગબિંદુ', શ્લોક ૨૮૩ થી ૨૯૦.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છીએ કે આચાર્ય વિનોબા એ ભાવનાને કેવી રીતે વિકસાવી રહ્યા છે તેમ જ કેવી રીતે જીવી બતાવે છે. આવી અનુકૂળ પરિસ્થિતિમાં પ્રસ્તુત લઘુ પુસ્તિકાનું મૂલ્ય વધારે અંકાશે એ નિઃશંક છે, અને તે રીતે ‘આત્મસિદ્ધિ’ પછી આ પુસ્તકની પસંદગી સવેળાની છે.

એમ તો શ્રી. મુકુલભાઈએ કોસંબીજીનું જીવનચરિત સંક્ષેપમાં જુદું આપ્યું છે. એમની ‘આપવીતી’ અને બીજી સામગ્રીને આધારે એ ચરિત ટૂંકમાં પણ કોસંબીજી વિષે બધી જરૂરી માહિતી પૂરી પાડે છે. કોસંબીજીનું જીવન જે વાંચે તેને નિરાશા તો સ્પર્શી જ ન શકે. નિરાશા અને અંધકારના ઊંડા ખાડામાંથી સતત સ્વપ્રયત્ને કોસંબીજી કેવી રીતે પ્રકાશના માર્ગ ઉપર આવ્યા અને અનેકોના ગુરુ બન્યા એનું ચિત્ર એમના સંક્ષિપ્ત જીવનચરિતમાંથી પણ અવગત થાય છે. એટલે તે વિષે અહીં મારે કાંઈ લંબાવવું નથી.

તેમ છતાં, તેમની સાથે મારો જે અનેક વર્ષો લગી સતત પરિચય રહ્યો, તેમની પાસે મેં જે કાંઈ બૌદ્ધ શાસ્ત્રો વિષે મેળવ્યું, અને છેલ્લે ૧૯૪૬માં તેમના અનશનના સાક્ષી થવાનો પ્રસંગ આવ્યો, તે બાબત કાંઈક લખું તો તે વાચકોને ઉપયોગી પણ થશે; અને એમના જીવન અંગે કેટલીક હજી લગી કદાચ અજ્ઞાત રહેલી બાબતો પ્રકાશમાં આવશે.

ઈ. સ. ૧૯૧૭માં એમને ઘેર જ હું પૂનામાં કોસંબીજીને પ્રથમ વાર મળ્યો, જ્યારે કૃપલાનીજી પણ હતા. ચર્ચા અહિંસાથી શરૂ થઈ. અને મારો ઘણા વખત પહેલાંથી બૌદ્ધ પિટકો ગુરુમુખથી શીખવાનો સંસ્કાર જાગ્યો. પણ એ વાત તે વખતે ત્યાં જ રહી.

૧૯૨૨માં કોસંબીજી ગૂજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વ મંદિર ખાતે જોડાયા. મને આ તક મળી. મેં પણ ગૂજરાત વિદ્યાપીઠમાં રીતસર જોડાવાનું નક્કી કર્યું. હાથમાં લીધેલ કામ ઉપરાંત કોસંબીજી પાસે બૌદ્ધ ગ્રંથોનું અધ્યયન શરૂ કર્યું. સાથે રહેવાનું, જમવાનું અને ફરવાનું હોવાથી કોસંબીજીની અનેક વિષયસ્પર્શી વિનોદી પ્રતિભાનો પણ લાભ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળતો ગયો. કોસંબીજી તે વખતે વિદ્યાપીઠ માટે અમુક પુસ્તકો તૈયાર કરતા હતા. મરાઠીમાં લખે અને તેનો ગુજરાતી અનુવાદ પણ સાંભળે. હું તો લગભગ બધામાં સાક્ષી બનતો અને એમની પાસે શીખેલ 'અભિધર્મ' જેવા ગ્રંથનો વર્ગ પણ લેતો. ૧૯૨૫ સુધી આમ ચાલ્યું.

ફરી ૧૯૨૭થી ૨૯ સુધીમાં તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં આવ્યા ત્યારે પણ આવો જ ક્રમ ચાલ્યો. કોસંબીજી શાસ્ત્રાભ્યાસી તો હતા જ. પણ તેમની ઇતિહાસ અને સંશોધનની દૃષ્ટિ બહુ સ્પષ્ટ હતી. વિશેષતા એમની એ હતી કે, તેઓ પોતાને સત્ય લાગે અને સમજાય એ વાત અપ્રિય હોય તોય મિત્રો કે બીજા મળનારને કહેતાં કદી ખમચાતા નહીં. તેથી કેટલીક વાર અનેકોનો વિરોધ પણ વહોરતા. પણ દરેક જણ સમજી જતો કે કોસંબીજી છે ચોખ્ખા દિલના. એટલે પાછું અનુસંધાન થતાં વાર ન લાગતી. કોસંબીજીને જે મળે તે તેમના પ્રત્યે આકર્ષાય.

ગુજરાતમાં રહ્યા પછી કોસંબીજીને મહારાષ્ટ્ર કરતાં જુદો જ અનુભવ થયો. તેઓ કહેતા કે, મહારાષ્ટ્ર હઠી અને દુરાગ્રહી છે, જ્યારે ગુજરાતમાં એવું તત્ત્વ ઘણું ઓછું છે. તેથી તેમણે ગુજરાતમાં અનેક વર્ગના અનેક મિત્રો મેળવ્યા.

ફરી કોસંબીજીનો અને મારો મેળાપ કાશીમાં થયો. તેઓ ૭ માસ માટે હિંદુ યુનિવર્સિટીમાં આવી રહ્યા. પંડિત માલવિયાજી તેમને આગ્રહ કરી લાવેલ. પણ કોસંબીજીએ ત્યાં કોઈ વ્યવસ્થા ન જોઈ. તેમની પાસે કોઈ શીખનાર જ નહીં. એક વાર તેમણે માલવિયાજી અને ધ્રુવજી એ બંનેની ખબર પણ લીધી. છેવટે મેં તો નક્કી કર્યું કે, મારે એમનો ઉપયોગ કરવો. ત્યાંના પુસ્તકાલયના એક ખંડમાં સિલોની, બરમી, સિયામી અને રોમન લિપિમાં મુદ્રિત બધા જ બૌદ્ધ પિટક-ગ્રંથો તેમની ટીકા સાથે સામે રાખ્યા. મેં એવો ક્રમ રાખ્યો કે કોઈ એક ગ્રંથ ન ભણતાં હું પૂછું તે ઉપર કોસંબીજી બૌદ્ધ મંતવ્ય કહે. મેં ઉમાસ્વાતિના તત્ત્વાર્થને આધારે નિત્યનવા શાસ્ત્રીય પ્રશ્નો પૂછવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંડ્યા. અને કોસંબીજી તે પ્રશ્ન પરત્વે બૌદ્ધ પાલિ વાઙ્મયમાં કાંઈ છે કે નહીં, તથા હોય તો તે શું છે એ શોધી ઉત્તર આપવા લાગ્યા. આ વખતે કોસંબીજીની અસાધારણ સ્મૃતિ અને પ્રજ્ઞાનો મને પરિચય થયો. હું પૂછું કે, જૈન નય અને નિક્ષેપના સ્થાનમાં બૌદ્ધ ગ્રંથોમાં શું છે? તો કોસંબીજી થોડી વારમાં જ પ્રથમ મોઢેથી કહી દે કે આનો ઉત્તર આવો છે અને અમુક ગ્રંથમાંથી મળશે. પછી તરત જ એ બૌદ્ધ ગ્રંથોના અંબારમાંથી કોઈ ને કોઈ ગ્રંથમાંથી મને પોતે કહેલ વાતનો પુરાવો કાઢી આપે. મારા સહચારી ભાઈ ખુશાલદાસ તે પુરાવાનું સ્થાન લખી લે. આમ રોજ સવારે બે કલાક વિદ્યાવ્યાસંગ ચાલે. મારી ધારણા એ હતી કે કોસંબીજીના બૌદ્ધ જ્ઞાન-ખજાનામાંથી મળે તેટલી વસ્તુ મેળવી, નોંધી લઈ, ક્યારેક જૈન અને બૌદ્ધ મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવો; અને સાથે સાથે વૈદિક દર્શનોની પણ યથાસંભવ તુલના કરવી. કોસંબીજીએ સામગ્રી એટલી બધા આપી હતી કે જો એ ગુમ થયેલ નોટ હજી પણ મળી આવે, તો તુલનાનો મનોરથ સિદ્ધ થાય.

આમ ૭ માસના સહવાસ પછી કોસંબીજી જરાક દૂર ગયા. દૂર એટલે કાશી વિદ્યાપીઠ. ત્યાં તેમણે 'હિંદી સંસ્કૃતિ આણિ અહિંસા' એ પુસ્તક લખ્યું. જ્યારે તેઓ એ પુસ્તક લખતા હતા, ત્યારે પણ અમે બંને તો અવારનવાર મળતા જ. તેઓ પોતાનું લખવાનું અને લખેલું મને મોઢે કહી જાય અને સંમતિ માગે. વળી ક્યારેક કહે કે, મારું આ પુસ્તક કોઈ પ્રગટ નહીં કરે, એટલું જ નહીં પણ કોઈ કંપોઝ સુધ્ધાં નહીં કરે. કારણમાં તેઓ કહેતા કે, વૈદિક, બૌદ્ધ અને જૈન એ બધાની તીવ્ર સમાલોચના એમાં કરી છે. અને જે કંપોઝીટર કે પ્રકાશક હશે તે પણ કોઈ ને કોઈ ઉક્ત પરંપરામાંનો હોઈ મારી વિરુદ્ધ જ જશે. પણ હું હંમેશાં કહેતો કે, એવું કાંઈ નથી. દરમ્યાન તેમના મિત્ર બાબુ શિવપ્રસાદ ગુપ્તા જેઓ પથારીવશ જ હતા, તેમણે કહેલું કે, એ પુસ્તક હું હિંદીમાં કરાવી પ્રસિદ્ધ કરીશ. તેમણે હિંદી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

म. ५५०१८



અનુવાદનું કામ તેમના ઓળખીતાને આપ્યું પણ ખરું. પરંતુ મને લાગે છે કે આ બાબતમાં કોસંબીજી જ સાચા હતા. એ પુસ્તક એમ ને એમ પડી રહ્યું. અને છેવટે એનો ગુજરાતી અનુવાદ ગુજરાતમાં પ્રથમ પ્રસિદ્ધ થયો; અને હિંદી અનુવાદ તો કોસંબીજીના સ્વર્ગવાસ પછી જ.

કાશી વિદ્યાપીઠ છોડી કોસંબીજી મુંબઈના એક વિભાગ પરેલમાં 'બહુજન વિહાર'માં પછાત જાતિને સંસ્કાર આપવા રહ્યા. જ્યારે તેમને એમ લાગ્યું કે, તેમની ગીતાની સમાલોચનાથી અમુક દાતાઓને માઠું લાગ્યું છે, ત્યારે તેમણે આપમેળે પરેલ છોડયું.

પાછા અમદાવાદ અને સારનાથ આદિમાં રહી તેઓ મુંબઈ આવ્યા. પણ એમને એવો સંકલ્પ ઊઠયો કે, હવે મારું જીવનકાર્ય મેં પૂરું કર્યું છે, ઉમર થઈ છે, વધારે કરવાનું રહ્યું નથી; તો પછી જીવન નકામું ગાળવું અને ઘડપણમાં બીજાઓની સેવા લેવી, એ આ મોંઘવારી અને ગરીબીના સમયમાં યોગ્ય નથી માટે આમરણાંત અનશન કરવું.

અમે મિત્રો મુંબઈમાં એમને સમજાવવા મથતા કે, તમે હજી શક્ત છો; તમારી પાસે હજી ઘણું દેવા જેવું છે; અને તમારો સમગ્ર જીવનભાર અમે સહર્ષ વહીશું. તેમને અમારા બધા ઉપર વિશ્વાસ તો હતો. પણ પોતાના સંકલ્પથી ચ્યુત થવા તેઓ તૈયાર ન હતા. તેઓ સંકલ્પના બચાવમાં જૈન પરંપરામાં જાણીતી મારણાંતિક સલ્લેખનાની વાત કરતા. અને તથાગત બુદ્ધનાં કથનમાંથી પણ ટેકો આપતા. પ્રથમ પ્રથમ કોસંબીજી જૈનોની ઉગ્ર તપસ્યાના સખત વિરોધી હતા. છતાં આ વખતે તેઓ એટલું કહેતા કે, એવી મારણાંતિક તપસ્યાનું પણ જીવનમાં ક્યારેક સ્થાન છે જ. એમણે આવા વિચારથી પોતાનો સંકલ્પ અડગ બનાવ્યો.

૧૯૪૬માં તેઓ અને હું ફરી કાશીમાં મળ્યા. હવે એ સંકલ્પ પાર પાડવાની ઘડી તેમને મન આવી લાગી હતી. દેશમાં રમખાણો અને જ્યાં ત્યાં મારકાપ ચાલતાં હતાં. એમનાથી આ દુઃખ સાંભળ્યું પણ જતું નહીં. છેવટે અમે મિત્રો તેમના અડગ સંકલ્પને જોઈ મોળા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડ્યા અને અમે વિચાર્યું કે, હવે આમને રસ્તો કરી આપવો. અનશન ક્યાં રહી કરવું, પરિચર્યામાં કોણ રહે, તે વખતે લોકો ભીડ ન કરે અને કોઈ પણ સ્થળે પ્રચાર ન થાય—આ બધા મુખ્ય પ્રશ્નો હતા. મને અને પં. શ્રી. દલસુખ માલવણિયાને એનો ઉત્તર મળી ગયો અને અમે કોસંબીજીને કહ્યો.

સરયૂ નદીને તટે દોહરીઘાટ પાસે સ્વામી સત્યાનંદનો આશ્રમ છે. એ સ્વામી પ્રથમથી જ દલિતોદ્ધારક અને અસ્પૃશ્યતા-નિવારણના મક્કમ કાર્યકર્તા, વિદ્વાન અને વિચારક; ત્યાગી અને તપસ્વી; ગાંધીજીને પણ એવા જ પ્રિય. એમની સાથેનો અમારો પરિચય અમને કહેતો કે, એમના આશ્રમમાં કોસંબીજી રહીને અનશન કરે, તો એમની બધી શરતો સચવાય. સ્વામીજી કબૂલ થયા. પણ પ્રશ્ન હતો શ્રદ્ધાળુ અને વિવેકી પરિચારકનો. એવા એક પરિચારક પણ મળી ગયા. પ્રથમ સ્થાનકવાસી જૈન સાધુ પણ હવે નિષ્ઠાવાન લોકસેવક તરીકે જાણીતા સ્વામી ચૈતન્ય—અપરનામ ચૂનીલાલજી—તેમણે પરિચર્યાનું બીડું ઝડપ્યું અને અમને બધાને નિરાંત વળી. દોહરીઘાટવાળા આશ્રમમાં ઉપવાસો શરૂ થયા. દિવસની નોંધ ચૂનીલાલજી અમને કાશીમાં મોકલે અને જરૂરી સાધન કાશીથી પૂરાં પડાય.

કોસંબીજીએ વચન લીધેલું કે, આ અનશનના સમાચાર તેમનાં પુત્ર-પુત્રીઓ વગેરેને ન આપવા અને અન્યત્ર પ્રચાર પણ ન કરવો. પરંતુ એ વાત થોડી જ છાની રહે? છેવટે દિલ્હી સુધી વાત પહોંચી. શ્રી. પુરુષોત્તમ ટંડનજી વગેરેની વિનવણીઓ વ્યર્થ ગઈ. ગાંધીજી તરફથી ઉપવાસ બંધ કરવા માટે આવતા તારો પણ વ્યર્થ ગયા. ગાંધીજીએ સૂચના આપી કે, કોસંબીજી તેમને દિલ્હીમાં મળે. જવાબમાં કોસંબીજીએ જણાવ્યું કે, જો તમે મને અહીં આવીને અનશનની અયોગ્યતા સમજાવશો, તો હું છોડી દઈશ. પણ તે વખતે એક ક્ષણ માટે પણ ગાંધીજી દિલ્હી છોડી શકે તેમ ન હતું. આ રીતે ઉપવાસો લંબાતા ગયા. કોસંબીજીને કેટલાક દિવસો પછી વેદના પણ થવા લાગી. છેવટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાંધીજીની વિનંતિને માન આપી, ઘણું કરી ઓગણીસમા દિવસે તેમણે અનશનથી દેહત્યાગનો વિચાર પડતો મૂકયો. તેમને પારણું કરાવ્યું અને મિત્રો તેમને કાશીમાં લઈ આવ્યા.

કાશીમાં તેમની પરિચર્યા કરનાર અનેક હતા. અધ્યાપક પવારને ત્યાં તેઓ રહેતા. તેઓ કહેતા કે, જવા લાયક સ્વાસ્થ્ય આવે તો મુંબઈ જઈશ અને ત્યાંથી વર્ધા. એ પ્રમાણે તેમણે છેવટે વર્ધા પાસે સેવાગ્રામમાં જ જીવન પૂર્ણ કર્યું. છેવટના દિવસોમાં કાકાસાહેબની યોજના પ્રમાણે આશ્રમવાસીઓએ તેમની સંપૂર્ણ પરિચર્યા કરી.

તેમણે 'પાર્શ્વનાથાચા ચાતુર્યામ ધર્મ' અને 'બોધિસત્ત્વ' નાટક એ બે લખેલ પુસ્તકો સોંપી મને કહ્યું હતું કે, આ છપાય નહીં તોયે એની નકલો સુરક્ષિત રહે. છેવટે આ બંને મરાઠી પુસ્તકો કાકાસાહેબની પ્રસ્તાવના સાથે ધર્માનંદજીની સ્મારક-માળામાં પ્રસિદ્ધ થયાં છે અને તે હિંદી તેમ જ ગુજરાતીમાં પ્રસિદ્ધ થવા યોગ્ય છે.

કોસંબીજીને એક પુત્ર અને ત્રણ પુત્રીઓ. તેમના પુત્ર કોસંબીજી જેવા જ પ્રતિભાશાળી છે અને પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક છે. તેમની પુત્રીઓ પણ વિદ્યામાં એક એકથી ચડિયાતી. એમની સંતતિ એમના માટે બધું કરી છૂટવા તૈયાર. તે ઉપરાંત બધી જ કોમના, બધા જ પંથના અને બધી જ કક્ષાના અનેક સામાન્ય જન, વિદ્વાન અને શ્રીમાન તેમના ચાહક; અને તે પણ કાંઈક કરી છૂટવું એવી વૃત્તિવાળા ચાહક. છતાં કોસંબીજી પોતાના બુદ્ધિપૂર્વક સંકલ્પથી જરા પણ ચલિત ન થયા. તેમણે બ્રહ્મદેશ, સારનાથ અને કુશિનારા આદિમાં બૌદ્ધ પરંપરાને અનુસરી સમાધિ ભાવનાઓ પણ કરેલી. તેમણે ચિત્તનિરીક્ષણનો અભ્યાસ તો એટલો બધો વધારેલો કે હું જ્યારે જ્યારે યોગશાસ્ત્ર અને જૈન તથા બૌદ્ધ પરંપરાના ધ્યાન-માર્ગની શાસ્ત્રીય વાતો કાઢું ત્યારે તેઓ એ વિષેનું જાણે સ્વાનુભૂત ચિત્ર જ ન હોય તેમ નિરૂપણ કરે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવા એક વિદ્યા, પ્રજ્ઞા અને સમાધિના આરાધકનું ટૂંકું પણ પ્રેરક એવું જે જીવનચરિત આ પુસ્તિકા સાથે સંકળાયેલું છે, તેનું મૂલ્ય 'બોધિચર્યાવતાર'માં નિરૂપેલી પારમિતાઓ અંગેના શ્લોકોથી જરાય ઓછું નથી. વાચકો એને માણે.

સરિત કુંજ, અમદાવાદ
તા. ૧૯-૨-૫૫ સુખલાલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# બોધિચર્યાવતાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રથમ પરિચ્છેદ

१ सुगतान्ससुतान्सधर्मकायान्
प्रणिपत्यादरतोऽखिलांश्च वन्द्यान् ।
सुगतात्मजसंवरावतारम्
कथयिष्यामि यथागमं समासात् ॥ १ ॥

૧. બુદ્ધોને, તેમના પુત્રોને (બોધિસત્ત્વોને), અને તેમના ધર્મકાયને આદરથી નમસ્કાર કરી અને સર્વ પૂજ્યોને આદરથી નમી હું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ટૂંકામાં સુગતના પુત્રના[૧] સંવરનો (ચર્યાનો) અવતાર કહીશ.[૨] ૧

२ न हि किंचिद् अपूर्वम् अत्र वाच्यम्
न च संग्रंथनकौशलं ममास्ति ।
अत एव न मे परार्थचिन्ता
स्वमनो भावयितुं कृतं मयेदम् ॥ २ ॥

૨. આમાં મારે કાંઈ નવીન કહેવાનું નથી, તેમ જ મારામાં કાંઈ રચનાકૌશલ્ય નથી; આથી જ મને (આમાં) પરોપકાર કરવાની કોઈ ચિંતા નથી. મારા પોતાના મનને જ સુસંસ્કારી કરવા માટે મેં આ રચના કરી છે. ૨

---

૧. સુગતના પુત્ર : સુગત = ભગવાન બુદ્ધ; સુગતના પુત્ર = ભિક્ષુઓ.

૨. સુગતના પુત્રના સંવરનો અવતાર કહીશ = ભિક્ષુકોની ચર્યામાં પ્રવેશ કેમ કરવો વગેરે બાબતો વર્ણવીશ.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

३ मम तावद् अनेन याति वृद्धिम्
कुशलं भावयितुं प्रसादवेगः ।
अथ मत्समधातुरेव पश्येद्
अपरोऽप्येनम् अतोऽपि सार्थकोऽयम् ।। ३ ।।

૩. આનાથી તો મારો પ્રસાદવેગ કુશલની ભાવના કરવા માટે વૃદ્ધિ પામે છે. જો કોઈ મારો સમાનધર્મી આને જુએ તો તેટલાથી પણ આ (પ્રયત્ન) સાર્થક થશે. ૩

४ रात्रौ यथा मेघघनान्धकारे
विद्युत् क्षणं दर्शयति प्रकाशम् ।
बुद्धानुभावेन तथा कदाचिल्-
लोकस्य पुण्येषु मतिः क्षणं स्यात् ।। ४ ।।

૪. જેવી રીતે રાત્રે મેઘથી ગાઢ બનેલા અંધકારમાં વીજળી ક્ષણમાત્ર પ્રકાશ દર્શાવે છે, તેમ બુદ્ધના પ્રભાવથી ક્યારેક પુણ્યકર્મોમાં લોકોની ક્ષણભર મતિ થાય. ૪

५ तद् बोधिचित्तं द्विविधं विज्ञातव्यं समासतः ।
बोधिप्रणिधिचित्तं च बोधिप्रस्थानम् एव च ।। १५ ।।

૫. સંક્ષેપમાં તે બોધિચિત્ત બે પ્રકારનું જાણવું: બોધિપ્રણિધિચિત્ત અને બોધિપ્રસ્થાનચિત્ત[1]. ૧૫

६ गन्तुकामस्य गन्तुश्च यथा भेदः प्रतीयते ।
तथाभेदोऽनयोर्ज्ञेयो याथासंख्येऽत्र पण्डितैः ।। १६ ।।

---

૧. બોધિપ્રણિધિચિત્ત અને બોધિપ્રસ્થાનચિત્ત :—

બોધિ તરફ વળવું યા તેનો સંકલ્પ કરવો એ બોધિપ્રણિધિચિત્ત; પરંતુ એ વલણ કે સંકલ્પને અમલમાં મૂકવો તે બોધિપ્રસ્થાનચિત્ત. પહેલામાં ઇચ્છા માત્ર છે, જ્યારે બીજામાં તેનો અમલ છે. જેમ જવાની ઇચ્છા એ માત્ર ઇચ્છા છે; પરંતુ જવું એ પ્રયત્ન છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૬. જવાને ઇચ્છતા અને જતા (પુરુષો) વચ્ચે જેવો તફાવત જણાય છે, તેવો તફાવત આ બન્ને (બોધિપ્રણિધિચિત્ત અને બોધિપ્રસ્થાનચિત્ત) વચ્ચે અનુક્રમે પંડિતોએ માન્યો છે. ૧૬

७ बोधिप्रणिधिचित्तस्य संसारेऽपि फलं महत् ।
नत्वविच्छिन्नपुण्यत्वं यथा प्रस्थानचेतस : ।। १७ ।।

बोधिचित्तानुशंसः प्रथमः परिच्छेदः ।

૭. બોધિપ્રણિધિચિત્તનું સંસારમાં તો મોટું ફળ છે; પણ પ્રસ્થાનચિત્તના જેવી તેની અસ્ખલિત પુણ્યધારા નથી. ૧૭

**બોધિચિત્તની પ્રશંસા નામનો પ્રથમ પરિચ્છેદ.**

## દ્વિતીય પરિચ્છેદ

८ वुद्धं गच्छामि शरणं यावदाबोधिमण्डतः ।
धर्मं गच्छामि शरणं बोधिसत्त्वगणं तथा ।। २६ ।।

૮. જ્યાં સુધી હું સમ્યક્ સંબોધિને પામું ત્યાં સુધી હું બુદ્ધને શરણ જાઉં, ધર્મને શરણ જાઉં તેમ જ બોધિસત્વના સંઘને શરણ જાઉં. ૨૬

९ विज्ञापयामि संवुद्धान् सर्वदिक्षु व्यवस्थितान् ।
महाकारुणिकांश्चापि बोधिसत्त्वान् कृतांजलिः ।। २७ ।।

૯. સર્વ દિશાઓમાં રહેલા સંબુદ્ધોને, મહાકારુણિકોને અને બોધિસત્ત્વોને હું હાથ જોડી વિજ્ઞાપના કરું છું. ૨૭

१० अनादिमति संसारे जन्मन्यत्रैव वा पुनः ।
यन् मया पशुना पापं कृतं कारितम् एव वा ।। २८ ।।

११ यच्चानुमोदितं किंचिद् आत्मघाताय मोहतः ।
तद् अत्ययं देशयामि पश्चात्तापेन तापितः ।। २९ ।।



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૦–૧૧ અનાદિ સંસારમાં અથવા આ જન્મમાં મોહને લીધે આત્મઘાત માટે મેં પશુએ[1] જે કંઈ પાપ કર્યું હોય, કરાવ્યું હોય અને અનુમોદ્યું હોય તે અપરાધને યા વ્યતિક્રમને પશ્ચાત્તાપથી તપેલો હું નિવેદિત કરું છું. ૨૮–૨૯

१२ रत्नत्रयेष्वपकारो यो मातापितृषु वा मया ।
गुरुष्वन्येषु वा क्षेपात् कायवाग्बुद्धिभिः कृतः ।। ३० ।।
१३ अनेकदोषदुष्टेन मया पापेन नायकाः ।
यत् कृतं दारुणं पापं तत् सर्वं देशयाम्यहम् ।। ३१ ।।

૧૨–૧૩ ચંચળતાને લઈને શરીર, વાણી અને બુદ્ધિ વડે ત્રણ રત્નો[2] વિષે અથવા માતપિતા વિષે જે અપકૃત્ય કર્યું હોય, બીજા ગુરુઓ વિષે અથવા બીજાઓ વિષે જે અપકૃત્ય કર્યું હોય, હે નાયકો! અનેક દોષથી દુષ્ટ એવા મેં પાપીએ જે કંઈ દારુણ પાપ કર્યું હોય, તે બધું હું પ્રગટ કરું છું. ૩૦–૩૧

१४ प्रियाप्रियनिमित्तेन पापं कृतम् अनेकधा ।
सर्वम् उत्सृज्य गन्तव्यम् इति न ज्ञातम् ईदृशम् ।।३५।।

૧૪. પ્રિય અને અપ્રિયના કારણથી અનેક રીતે પાપ કરાયું છે. (પણ) બધું છોડીને જવાનું છે એમ મેં જાણ્યું નહીં. ૩૫

१५ इहैव तिष्ठतस् तावद् गतानैके प्रियाप्रियाः ।
तन्निमित्तं तु यत् पापं तत् स्थितं घोरम् अग्रतः ।। ३८ ।।

---

૧. પશુએ = પશુ જેવા અજ્ઞ કે જડ એવા મેં.

૨. બૌદ્ધસાહિત્યમાં બુદ્ધ, ધર્મ અને સંઘને त्रिरत्न કે रत्नत्रय કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૫. હું અહીંયાં ઊભો છું તેટલામાં જ અનેક પ્રિય અને અપ્રિય ચાલ્યાં જાય છે; પણ તેમને માટે કરેલું ઘોર પાપ આગળ ઊભું રહે છે. ૩૮

१६ इह शय्यागतेनापि वंधुमध्येऽपि तिष्ठता ।
मयैवेकेन सोढव्या मर्मच्छेदादिवेदना ।। ४१ ।।

૧૬. અહીંયાં પથારીમાં પડેલા અને સગાંવહાલાંની વચમાં રહેતા એવા મારે એકલાએ જ મર્મસ્થાનને વીંધે એવી વેદના સહન કરવાની છે. ૪૧

१७ मया बालेन मूढेन यत् किंचित् पापम् आचितम् ।
प्रकृत्या यच्च सावद्यं प्रज्ञप्त्यावद्यम् एव च ।। ६४ ।।

१८ तत् सर्वं देशयाम्येष नाथानाम् अग्रतः स्थितः ।
कृतांजलिर्दुःखभीतः प्रणिपत्य पुनः पुनः ।। ६५ ।।

पापदेशना द्वितीयः परिच्छेदः ।

૧૭–૧૮. બાળબુદ્ધિ અને મૂઢ એવા મેં જે પ્રકૃતિથી સાવદ્ય એવું દશ પ્રકારનું અકુશલ અને પ્રજ્ઞપ્તિથી–ઉપદેશથી અવદ્ય એવું અકાલભોજનાદિ પાપ[1] સંચિત કર્યું હોય, તે સર્વ, નાથની આગળ ઊભો રહી હું દુઃખથી બીનેલો હાથ જોડી ફરી ફરી નમસ્કાર કરી પ્રકટ કરું છું. ૬૪–૬૫

**પાપદેશના નામનો બીજો પરિચ્છેદ**

---

૧. પ્રકૃતિથી સાવદ્ય અર્થાત્ પાપરૂપ એટલે પ્રાણહિંસા વગેરે દશ અકુશલ; પ્રજ્ઞપ્તિથી પાપરૂપ એટલે બુદ્ધે શ્રમણોને જણાવેલા ભોજન વગેરેના નિયમોનો ભંગ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१९ अपायदुःखविश्रामं सर्वसत्त्वैः कृतं शुभम् ।
अनुमोदे प्रमोदेन सुखं तिष्ठन्तु दुःखिताः ॥ १ ॥

૧૯. નરક વગેરે ગતિઓમાં અનુભવેલા દુઃખના વિશ્રામરૂપ, સર્વસત્ત્વોએ કરેલા પુણ્યને હું આનંદથી અનુમોદું છું; દુઃખી માણસો સુખી રહો. ૧

२० सर्वासु दिक्षु संबुद्धान् प्रार्थयामि कृतांजलिः ।
धर्मप्रदीप्तं कुर्वन्तु मोहाद् दुःखप्रपातिनाम् ॥ ४ ॥

૨૦. દરેક દિશામાં રહેલા સંબુદ્ધોને હાથ જોડી હું પ્રાર્થના કરું છું કે, મોહને લઈને દુઃખમાં પડનારાઓને માટે ધર્મપ્રદીપ કરો. ૪

२१ निर्वातुकामांस्तु जिनान् याचयामि कृतांजलिः ।
कल्पान् अनन्तांस्तिष्ठन्तु मा भूद् अन्धम् इदं जगत् ॥५॥

૨૧. નિર્વાણ પામવાની ઇચ્છાવાળા જિનોને હું હાથ જોડી યાચું છું કે, તેઓ અનંત કલ્પો–અનંત યુગો સુધી રહો કે જેથી આ જગત અંધ ન થાય. ૫

२२ एवं सर्वम् इदं कृत्वा यन् मया सादितं शुभम् ।
तेन स्यां सर्वसत्त्वानां सर्वदुःखप्रशान्तिकृत् ॥ ६ ॥

૨૨. આમ આ બધું કરીને જે કંઈ કલ્યાણ મેં પ્રાપ્ત કર્યું હોય, તે વડે, હું સર્વ સત્ત્વોના સર્વ દુઃખનો શમન કરનારો થાઉં. ૬



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

२३ पृथिव्यादीनि भूतानि निःशेषाकाशवासिनाम्
सत्त्वानाम् अप्रमेयाणां यथा भोग्यान्यनेकधा ॥२०॥
२४ एवम् आकाशनिष्ठस्य सत्त्वधातोरनेकधा ।
भवेयम् उपजीव्योऽहं यावत् सर्वे न निर्वृताः ॥२१॥

बोधिचित्तपरिग्रहस्तृतीयः परिच्छेदः ।

૨૩–૨૪. સમગ્ર આકાશમાં રહેલા અસંખ્ય સત્ત્વોનાં જેમ પૃથ્વી વગેરે મહાભૂતો અનેક રીતે ઉપભોગનાં સાધન બને છે, તેમ સમગ્ર આકાશમાં રહેલા સત્ત્વધાતુનો, (સર્વ-સત્ત્વોનો), બધા નિર્વાણ ન પામી જાય, ત્યાં લગી હું અનેક રીતે ઉપભોગ્ય થાઉં. ૨૦–૨૧

**બોધિચિત્તપરિગ્રહ નામનો ત્રીજો પરિચ્છેદ**

## ચતુર્થ પરિચ્છેદ

२५ कदा तथागतोत्पादं श्रद्धां मानुष्यम् एव च ।
कुशलाभ्यासयोग्यत्वम् एवं लप्स्येऽतिदुर्लभम् ॥ १५ ॥

૨૫. આ રીતે તથાગતનો જન્મ, શ્રદ્ધા, માણસનો અવતાર અને કુશલના અભ્યાસની યોગ્યતા — આ અતિ દુર્લભ હું ક્યારે મેળવીશ? ૧૫

२६ नातः परा वंचनास्ति न च मोहोऽस्त्यतः परः ।
यदीदृशं क्षणं प्राप्य नाभ्यस्तं कुशलं मया ॥ २३ ॥

૨૬. આ જાતની ક્ષણ પ્રાપ્ત કરીને મેં જો કુશલનો અભ્યાસ ન કર્યો, તો તેના જેવી મોટી છેતરામણ નથી અને એના જેવો મોટો મોહ નથી. ૨૩

તા: શ્રી કૈલાસસાગર સૂર જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

२७ हस्तपादादिरहितास्तृष्णाद्वेषादिशत्रवः ।
न शूरा न च ते प्राज्ञाः कथं दासीकृतोऽस्मि तैः ।।२८।।

૨૭. તૃષ્ણા, દ્વેષ વગેરે શત્રુઓ હાથપગ વગેરેથી રહિત છે. તે શૂરાઓ પણ નથી અને ડાહ્યા પણ નથી. તેઓએ મને શી રીતે દાસ કર્યો? ૨૮

२८ सर्वे हिताय कल्प्यन्ते आनुकुल्येन सेविताः ।
सेव्यमानास्त्वमी क्लेशाः सुतरां दुःखकारकाः ।।३३।।

૨૮. અનુકૂલતાથી સેવા કરતાં સર્વે હિતકર થાય છે. આ કલેશો તો સેવાતાં અત્યંત દુઃખકર થાય છે. ૩૩

२९ इति संततदीर्घवैरिषु व्यसनौघप्रसवैकहेतुषु ।
हृदये निवसत्सु निर्भयं मम संसाररतिः
कथं भवेत् ।। ३४ ।।

૨૯. આ પ્રમાણે દુઃખના સમૂહની ઉત્પત્તિમાં અદ્વિતીય કારણભૂત, સતત અને લાંબા કાળના વૈરીઓ હૃદયમાં રહેતા હોય ત્યાં સુધી મને નિર્ભયતાથી સંસારમાં પ્રેમ કેવી રીતે થાય? ૩૪

३० अकारणेनैव रिपुक्षतानि
गात्रेष्वलंकारवद् उद्वहन्ति ।
महार्थसिद्धयै तु समुद्यतस्य
दुःखानि कस्मान् मम बाधकानि ।। ३९ ।।

૩૦. (લોકો). કારણ વિના પણ રિપુઓના ઘા અંગ ઉપર અલંકારની માફક ધારણ કરે છે. તો મહાર્થની સિદ્ધિ માટે તૈયાર થયેલા એવા મને દુઃખો કેવી રીતે બાધક બને? ૩૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

३१ स्वजीविकामात्रनिबद्धचित्ताः
कैवर्तचाण्डालकृषीवलाद्याः ।
शीतातपादिव्यसनं सहन्ते
जगद्धितार्थं न कथं सहेऽहम् ।। ४० ।।

૩૧. માત્ર પોતાની આજીવિકામાં જ મન ચોટાડેલું હોય એવા માછીમારો, ચાંડાળો, ખેડૂતો વગેરે ટાઢ, તડકો ઇત્યાદિ દુઃખો સહન કરે છે; તો પછી જગતના હિતને માટે હું કેમ સહન ન કરું? ૪૦

३२ न क्लेशा विषयेषु नेन्द्रियगणे नाप्यन्तराले स्थिताः
नातोऽन्यत्र कुह(तः) स्थिताः पुनर् इमे
मथ्नन्ति कृत्स्नं जगत् ।
मायैवेयम् अतो विमुञ्च हृदयत्रासं भजस्वोद्यमं
प्रज्ञार्थं, किम् अकाण्ड एव नरकेष्वात्मानम्
आबाधसे ।। ४७ ।।

૩૨. ક્લેશો વિષયોમાં નથી, ઇન્દ્રિયોના સમૂહમાં નથી, બીજે કોઈ સ્થાને નથી, તો પછી આ ક્યાં રહ્યા રહ્યા આખા જગતને વલોવી નાખે છે? એ માયા જ છે; માટે હૃદયના ભયને છોડી દે અને પ્રજ્ઞાને સારુ ઉદ્યમ કર. નિરર્થક તું શા માટે તારી જાતને નરકમાં નાખે છે? ૪૭

३३ एवं विनिश्चित्य करोमि यत्नं
यथोक्तशिक्षाप्रतिपत्तिहेतोः ।
वैद्योपदेशाच्चलतः कुतोस्ति
भैषज्यसाध्यस्य निरामयत्वम् ।।४८।।

**बोधिचित्ताप्रमादश्चतुर्थः परिच्छेदः ।**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩૩. આ પ્રમાણે નિશ્ચય કરીને બુદ્ધના ઉપદેશ પ્રમાણે ચાલવાના હેતુથી હું પ્રયત્ન કરું છું. દવાથી સુધરી શકે તેવો રોગી વૈદ્યના ઉપદેશથી ચલિત થાય તો (તે પ્રમાણે ન વર્તે તો) તે શી રીતે નીરોગી થવાનો? ૪૮

**બોધિચિત્ત વિષે અપ્રમાદ નામનો ચોથો પરિચ્છેદ**

## પંચમ પરિચ્છેદ

૩૪ शिक्षां रक्षितुकामेन चित्तं रक्ष्यं प्रयत्नतः ।
न शिक्षा रक्षितुं शक्या चलं चित्तम् अरक्षता ॥१॥

૩૪. શિક્ષાને રક્ષવાની ઇચ્છાવાળાએ ચિત્તનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ. ચંચળ ચિત્તનું રક્ષણ ન કરનારથી શિક્ષાનું રક્ષણ થઈ શકવાનું નથી. ૧

૩૫ अदान्ता मत्तमातङ्गा न कुर्वन्तीह तां व्यथाम् ।
करोति याम् अवीच्यादौ मुक्तश्चित्तमतंगजः ॥२॥

૩૫. મનરૂપી મત્ત છૂટો હાથી (પરલોકમાં)—અવીચિ વગેરે નરકમાં જે પીડા કરે છે, તે કબજામાં ન રહેતા મત્ત હાથીઓ આ લોકમાં કરતા નથી. ૨

૩૬ बद्धश्चेच्चित्तमातङ्गः स्मृतिरज्वा समन्ततः ।
भयम् अस्तंगतं सर्वं कृत्स्नं कल्याणम् आगतम् ॥३॥

૩૬. સ્મૃતિરૂપી દોરડાથી જો ચિત્તરૂપી હાથી બરાબર બંધાય, તો સર્વ ભયનો નાશ થાય અને સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય. ૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩૭ व्याघ्राः सिंहा गजा ऋक्षाः सर्पाः सर्वे च शत्रवः ।
सर्वे नरकपालाश्च डाकिन्यो राक्षसास्तथा ॥४॥
૩૮ सर्वे बद्धा भवन्त्येते चित्तस्यैकस्य बंधनात् ।
चित्तस्यैकस्य दमनात् सर्वे दान्ता भवन्ति च ॥५॥

૩૭-૩૮. વાઘ, સિંહ, હાથી, રીંછ, સાપ અને બધા શત્રુઓ, સર્વ નરકપાલો, ડાકિણીઓ તથા રાક્ષસો— એ બધાં એક ચિત્તને બાંધવાથી બંધાય છે; એક ચિત્તને કબજે રાખવાથી બધાં કબજે થાય છે. ૪-૫

૩૯ कियतो मारयिष्यामि दुर्जनान् गगनोपमान् ।
मारिते क्रोधचित्ते तु मारिताः सर्वशत्रवः ॥ १२ ॥

૩૯. આકાશ જેટલા (અનંત) કેટલા દુર્જનોને હું મારીશ? (એક) ક્રોધચિત્તને મારતાં સર્વ શત્રુઓ મરાઈ જાય છે. ૧૨

૪૦ जपास्तपांसि सर्वाणि दीर्घकालकृतान्यपि ।
अन्यचित्तेन मन्देन वृथैवेत्याह सर्ववित् ॥ १६ ॥

૪૦. સર્વજ્ઞ કહે છે કે, બીજી બાબતોમાં આસક્ત એવા મંદ ચિત્તથી કરેલાં દીર્ઘ કાળનાં બધાં જપ, તપ નકામાં છે. ૧૬

૪૧ तस्मात् स्वधिष्ठितं चित्तं मया कार्यं सुरक्षितं ।
चित्तरक्षा व्रतं मुक्त्वा बहुभिः किं मम व्रतैः ॥ १८ ॥

૪૧. તેથી મારે સારી રીતે અધિષ્ઠિત થયેલા ચિત્તનું બરાબર રક્ષણ કરવું જોઈએ; ચિત્તરક્ષાનું વ્રત છોડીને મારે બીજાં બહુ વ્રતોનું શું કામ છે? ૧૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

४२ यथा चपलमध्यस्थो रक्षति व्रणम् आदरात् ।
एवं दुर्जनमध्यस्थो रक्षेच्चित्तव्रणं सदा ।। १९ ।।

૪૨. જેમ અટકચાળાઓ વચ્ચે બેઠેલો (માણસ) પોતાના ઘાનું સંભાળપૂર્વક રક્ષણ કરે છે, તેમ દુર્જન વચ્ચે રહેલાએ હંમેશાં ચિત્તના ઘાને રક્ષવો જોઈએ. ૧૯

४३ व्रणदुःखलवाद् भीतो रक्षामि व्रणम् आदरात् ।
संघातपर्वताघाताद् भीतश्चित्तव्रणं न किम् ।।२०।।

૪૩. ઘાના થોડાક પણ દુઃખથી બીનેલો હું સંભાળ-પૂર્વક ઘાનું રક્ષણ કરું છું. તો પછી સંઘાત પર્વતના (સંઘાત નામના નરકમાંથી ઉત્પન્ન થયેલા દુઃખરૂપી પર્વતના) આઘાતથી બીનેલો હું ચિત્તના ઘાને કેમ ન રક્ષું? ૨૦

४४ अनेन हि विहारेण विहरन् दुर्जनेष्वपि ।
प्रमदाजनमध्येऽपि यतिर्धीरो न खण्डयते ।। २१ ।।

૪૪. દુર્જનોમાં પણ આ વિહારથી — મનોયોગથી વિહરતો ધીર યતિ પ્રમદાઓમાં પણ ખંડિત થતો નથી. ૨૧

४५ लाभा नश्यन्तु मे कामं सत्कारः कायजीवितम् ।
नश्यत्वन्यच्च कुशलं मा तच्चित्तं कदाचन ।। २२ ।।

૪૫. મારા લાભો, સત્કાર, કાયિક જીવન, અને બીજું, કુશલ ભલે નાશ પામો; પણ તે ચિત્ત કદી પણ નાશ ન પામો. ૨૨

४६ चित्तं रक्षितुकामानां मयैष क्रियतेऽञ्जलिः ।
स्मृतिं च संप्रजन्यं च सर्वं यत्नेन रक्षत ।। २३ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૪૬. ચિત્ત રક્ષવાની ઇચ્છાવાળાઓને હું આ નમસ્કાર કરું છું. સ્મૃતિ[૧] તથા સંપ્રજન્ય[૨]–એ સર્વને યત્નથી રક્ષો. ૨૩

४७ व्याध्याकुलो नरो यद्वन्न क्षमः सर्वकर्मसु ।
तथाभ्यां व्याकुलं चित्तं न क्षमं सर्वकर्मसु ॥ २४ ॥

૪૭. વ્યાધિથી વ્યાકુળ થયેલો માણસ જેમ બધાં કર્મો કરવાને શક્તિમાન હોતો નથી, તેમ (સ્મૃતિ અને સંપ્રજન્ય) એ બેના (અભાવ)થી વ્યાકુળ થયેલું ચિત્ત સર્વ કર્મોમાં શક્તિમાન હોતું નથી. ૨૪

४८ असंप्रजन्यचित्तस्य श्रुतचिंतितभावितम् ।
सच्छिद्रकुंभजलवन्न स्मृतावव‌तिष्ठते ॥ २५ ॥

૪૮. સંપ્રજન્ય વિનાના ચિત્તનાં વિદ્યા, વિચાર અને ભાવના (એની) સ્મૃતિમાં, કાણા ઘડામાં પાણીની પેઠે, રહેતાં નથી.* ૨૫

४९ क्लेशतस्करसंघोऽयम् अवतारगवेषकः ।
प्राप्यावतारं मुष्णाति हन्ति सद्‌गतिजीवितम् ॥ २८ ॥

---

૧. સ્મૃતિ એટલે કરવા જેવું હોય તેનું તે તરીકે, ન કરવા જેવું હોય તેનું તે તરીકે સ્મરણ.

૨. સંપ્રજન્ય એટલે કાયા અને ચિત્તથી જે કરતા હોઈએ તેની ખબર —તેનું ભાન હોવું તે. અર્થાત્ કર્તવ્યની સતત જાગૃતિ. (જુઓ શ્લોક ૧૦૮ –પાંચમો પરિચ્છેદ.)

* નીચે પ્રમાણે તેનો સરળ અનુવાદ કરી શકાય :—

જેમ કાણા ઘડાની અંદર પાણી રહી શકતું નથી, તેમ સંપ્રજન્ય વિનાના ચિત્તવાળાએ સાંભળેલું, ચિંતવેલું કે પરિશીલન કરેલું સ્મૃતિમાં ટકતું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૪૯. પ્રવેશમાર્ગને શોધતી ક્લેશરૂપી ચોરોની ટોળી પ્રવેશમાર્ગ મેળવીને સદ્ગતિ અને જીવિતને ચોરે છે અને હણે છે. ૨૮

५० तस्मात् स्मृतिर्मनोद्वारान्नापनेया कदाचन ।
गतापि प्रत्युपस्थाप्या संस्मृत्यापायिकीं व्यथाम् ॥२९॥

૫૦. તેથી સ્મૃતિને મનોદ્વારથી કદી પણ ખસેડવી જોઈએ નહીં. જતી રહી હોય તો પણ નરકની પીડા યાદ કરીને ફરી વાર સ્થાપવી જોઈએ. ૨૯

५१ उपाध्यायानुशासिन्या भीत्याप्यादरकारिणाम् ।
धन्यानां गुरुसंवासात् सुकरं जायते स्मृतिः ॥ ३० ॥

૫૧. ઉપાધ્યાયની અનુશાસન કરનારી ભીતિથી પણ (એમના પ્રત્યે) આદર ધરાવનાર ધન્ય પુરુષોની સ્મૃતિ ગુરુ સાથેના સહવાસથી સહેલાઈથી ઉત્પન્ન થાય છે. ૩૦

५२ बुद्धाश्च बोधिसत्त्वाश्च सर्वत्राव्याहतेक्षणाः ।
सर्वम् एवाग्रतस्तेषां तेषाम् अस्मि पुरः स्थितः ॥ ३१ ॥

૫૨. બુદ્ધો અને બોધિસત્ત્વોની દૃષ્ટિ સર્વત્ર ખલેલ વિનાની હોય છે. બધું તેઓની સંમુખ છે; હું પણ તેઓની સંમુખ સ્થિત છું. ૩૧

५३ इति ध्यात्वा तथा तिष्ठेत् त्रपादरभयान्वितः ।
बुद्धानुस्मृतिरप्येवं भवेत् तस्य मुहुर्मुहुः ॥ ३२ ॥

૫૩. એવો વિચાર કરીને લજ્જા, આદર અને ભયયુક્ત તે એ પ્રમાણે રહે. એમ કરવાથી તેને બુદ્ધનું અનુસ્મરણ પણ વારંવાર થાય. ૩૨

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫૪ संप्रजन्यं तदायाति न च यात्यागतं पुनः ।
स्मृतिर्यदा मनोद्वारं रक्षार्थम् अवतिष्टते ॥ ३३ ॥

૫૪. જ્યારે સ્મૃતિ મનોદ્વારમાં રક્ષાને માટે ખડી હોય છે, ત્યારે સંપ્રજન્ય આવે છે અને આવીને તે પાછું જતું રહેતું નથી. ૩૩

૫૫ पूर्वं तावद् इदं चित्तं सदोपस्थाप्यम् ईदृशम् ।
निरिन्द्रियेणैव मया स्थातव्यं काष्ठवत् सदा ॥ ३४ ॥

૫૫. પ્રથમ તો આવા ચિત્તને આ પ્રમાણે હમેશાં ઉપસ્થિત રાખવું અને (પછી) મારે નિરિન્દ્રિય (ઇન્દ્રિયની પ્રવૃત્તિથી રહિત) થઈ કાષ્ઠની પેઠે રહેવું. ૩૪

૫૬ निष्फला नेत्रविक्षेपा न कर्तव्याः कदाचन ।
निध्यायन्तीव सततं कार्या दृष्टिरधोगता ॥ ३५ ॥

૫૬. આંખો નકામી આડી અવળી પણ ફેરવવી નહીં; ધ્યાન કરતી હોય તેમ હમેશાં દૃષ્ટિ નીચે રાખવી જોઈએ. ૩૫

૫૭ दृष्टिविश्रामहेतोस्तु दिशः पश्येत् कदाचन ।
आभासमात्रं दृष्ट्वा च स्वागतार्थं विलोकयेत् ॥३६॥

૫૭. દૃષ્ટિના વિશ્રામને માટે કોઈ વાર દિશાઓ ભણી નજર કરવી. કોઈનો આભાસ માત્ર જોઈને તે ભણી તેના સ્વાગત–આદર માટે નજર કરવી. ૩૬

૫૮ मार्गादौ भयबोधार्थं मुहुः पश्येच्चतुर्दिशम् ।
दिशो विश्रम्य वीक्षेत परावृत्यैव पृष्ठतः ॥३७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫૮. માર્ગ વગેરેમાં ભયની શરત રાખવા માટે ચારે દિશામાં ફરી ફરી જોવું; વિસામો લઈને, પાછા ફરી, પૂંઠ ભણીની દિશાઓ જોવી. ૩૭

५९ सरेदपसरेद्वापि पुरः पश्चान्निरूप्य च ।
एवं सर्वास्ववस्थासु कार्यं बुध्द्वा समाचरेत् ॥३८॥

૫૯. આગળ પાછળ જોઈને જવું આવવું જોઈએ; એમ દરેક અવસ્થાઓમાં કાર્ય સમજીને આચરણ કરવું. ૩૮

६० कायेनैवम् अवस्थेयम् इत्याक्षिप्य क्रियां पुनः ।
कथं कायः स्थित इति द्रष्टव्यः पुनरन्तरा ॥ ३९ ॥

૬૦. કાયાએ આ પ્રમાણે રહેવું જોઈએ. (એમ કાયાને રાખીને પછી) ક્રિયાને અટકાવીને, કાયા કેમ ઊભી છે તે વચમાં ફરીથી જોઈ લેવું જોઈએ. ૩૯

६१ निरूप्यः सर्वयत्नेन चित्तमत्तद्विपस्तथा ।
धर्मचिन्तामहास्तंभे यथा बद्धो न मुच्यते ॥ ४० ॥

૬૧. ચિત્તનો મત્ત હાથી સર્વ પ્રયત્ન વડે એવી રીતે સંભાળાવો જોઈએ કે જેથી ધર્મચિંતાના મહાસ્તંભે બંધાયેલો તે છૂટી જાય નહીં. ૪૦

६२ कुत्र मे वर्तत इति प्रत्यवेक्ष्यं तथा मनः ।
समाधानं धुरं नैव क्षणम् अप्युत्सृजेद् यथा ॥ ४१ ॥

૬૨. મારું ચિત્ત ક્યાં છે, એમ વિચાર કરીને મનની એવી રીતે દેખરેખ રાખવી જોઈએ કે જેથી સમાધિની ધૂંસરી તે ક્ષણ પણ કાઢી ન નાખે. ૪૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

६३ यद् बुध्द्वा कर्तुम् आरब्धं ततोऽन्यं न विचिन्तयेत् ।
तद् एव तावन्निष्पाद्यं तद्गतेनान्तरात्मना ।। ४३ ।।

૬૩. જે જાણીને કરવું શરૂ કર્યું હોય તેનાથી બીજાનો વિચાર કરવો નહીં; તેમાં જ જીવ પરોવીને તે જ પહેલું પૂરું કરવું. ૪૩

६४ एवं हि सुकृतं सर्वम् अन्यथा नोभयं भवेत् ।
असंप्रजन्यक्लेशोऽपि वृद्धिं चैवं गमिष्यति ।। ४४ ।।

૬૪. આમ બધું સારું થાય; નહીં તો બંને બગડે અને અસંપ્રજન્યનો ક્લેશ પણ વૃદ્ધિ પામે. ૪૪

६५ नानाविधप्रलापेषु वर्तमानेष्वनेकधा ।
कौतूहलेषु सर्वेषु हन्यादौत्सुक्यमागतम् ।। ४५ ।।

૬૫. જાત જાતની વાતો અનેક રીતે ચાલી રહી હોય તેમાં અને સર્વ પ્રકારનાં કૌતુક વિષે થયેલા ઔત્સુક્યને હણવું. ૪૫

६६ मृन्मर्दनतृणच्छेदरेखाद्यफलम् आगतम् ।
स्मृत्वा ताथागतीं शिक्षां तत्क्षणाद्भीत उत्सृजेत् ।।४६।।

૬૬. માટી મસળવી, તણખલાં તોડવાં, લીટા કરવા વગેરે નકામી બાબતોને, તથાગતની શિક્ષાને યાદ કરીને તત્ક્ષણ છોડી દેવી. ૪૬

६७ यदा चलितुकामः स्याद् वक्तुकामोऽपि वा भवेत् ।
स्वचित्तं प्रत्यवेक्ष्यादौ कुर्याद् धैर्येण युक्तिमत् ।। ४७ ।।

૬૭. જ્યારે હાલવાની ઇચ્છા થાય અથવા બોલવાની પણ ઇચ્છા થાય, ત્યારે પ્રથમ પોતાનું ચિત્ત બરાબર સંભાળી, ધૈર્યથી યોગ્ય કરવું. ૪૭

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

६८ अनुनीतं प्रतिहतं यदा पश्येत् स्वकं मनः ।
न कर्तव्यं न वक्तव्यं स्थातव्यं काष्ठवत् तदा ॥ ४८ ॥

૬૮. જ્યારે પોતાના મનને પટાવેલું (રાગયુક્ત), આઘાત પામેલું (દ્વેષયુક્ત) જુએ ત્યારે કાંઈ પણ કરવું નહીં, બોલવું નહીં; કાષ્ઠની પેઠે ઊભા રહેવું. ૪૮

६९ उद्धतं सोपहासं वा यदा मानमदान्वितम् ।
सोत्प्रासातिशयं वक्रं वञ्चकं च मनो भवेत् ॥ ४९ ॥

७० यदात्मोत्कर्षणाभासं परपंसनम् एव च ।
साधिक्षेपं ससंरम्भं स्थातव्यं काष्ठवत् तदा ॥ ५० ॥

૬૯–૭૦. જ્યારે મન ઉદ્ધત, મશ્કરીવાળું, અથવા માનમદવાળું; અતિશય આવેગવાળું, છેતરનારું (બન્યું) હોય, (તથા) જ્યારે પોતાની બડાઈમાં હોય, અને પારકાની નિંદામાં હોય, (બીજાને) હલકું પાડી નાખવામાં હોય, રઘવાયું હોય, ત્યારે કાષ્ઠની પેઠે ઊભા રહેવું. ૪૯–૫૦

७१ लाभसत्कारकीर्त्यर्थि परिवारार्थि वा पुनः ।
उपस्थानार्थि मे चित्तं तस्मात् तिष्ठामि काष्ठवत् ॥५१॥

૭૧. મારું ચિત્ત લાભ, સત્કાર અને કીર્તિની અભિલાષાવાળું, પરિવારની અભિલાષાવાળું, ઉપસ્થાનની અભિલાષાવાળું[1] છે, તેથી હું કાષ્ઠની જેમ ઊભો છું. ૫૧

७२ असहिष्ण्वलसं भीतं प्रगल्भं मुखरं तथा ।
स्वपक्षाभिनिविष्टं च तस्मात् तिष्ठामि काष्ठवत् ॥५२॥

---

૧. ઉપસ્થાનની અભિલાષાવાળું = પગ ધોવડાવવા, ચંપાવવા વગેરે સેવા કરાવવાની ઇચ્છાવાળું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૭૨. અસહિષ્ણુ, આળસુ, બીનેલું, બડાઈખોર, વાચાળ, પોતાના પક્ષના અભિનિવેશ[૨]વાળું (મારું ચિત્ત) છે, તેથી હું કાષ્ઠની જેમ ઊભો છું. ૫૩

७३ एवं संक्लिष्टम् आलोक्य निष्फलारंभि वा मनः ।
निगृह्णीयाद् दृढं शूरः प्रतिपक्षेण तत् सदा ।। ५४ ।।

૭૩. આ પ્રમાણે મનને ક્લેશવાળું અથવા નકામાં કામ કરનારું જોઈને શૂરા માણસે પ્રતિપક્ષી તરીકે તેનો હંમેશાં દઢતાથી નિગ્રહ કરવો જોઈએ. ૫૪

७४ सुनिश्चितं सुप्रसन्नं धीरं सादरगौरवम् ।
सलज्जं सभयं शान्तं पराराधनतत्परम् ।। ५५ ।।

७५ परस्परविरुद्धाभिर्बालिच्छाभिरखेदितम् ।
क्लेशोत्पादाद् इदं ह्येतद् एषाम् इति दयान्वितम् ।।५६।।

७६ चिरात् प्राप्तं क्षणवरं स्मृत्वा स्मृत्वा मुहुर्मुहुः ।
धारयामीदृशं चित्तम् अप्रकम्प्यं सुमेरुवत् ।। ५८ ।।

૭૪–૭૬. સુનિશ્ચિત, સુપ્રસન્ન, ધીર, આદર અને ગૌરવવાળું, લજ્જાવાળું, ભયવાળું, શાંત, બીજાને આનંદ આપવાને તત્પર, પરસ્પર વિરુદ્ધ એવી અજ્ઞ જનોની ઇચ્છાઓથી અખિન્ન, ક્લેશના ઉત્પાદને લઈને એમને આમ થાય છે એવા વિચારથી દયાયુક્ત — લાંબા વખત પછી પ્રાપ્ત થયેલા ઉત્તમ ઉત્સવને ફરી ફરીને યાદ કરીને — આવા ચિત્તને સુમેરુની પેઠે સ્થિર ધારણ કરું છું. ૫૫–૫૬–૫૮

૨. અભિનિવેશ = આસક્તિ; તન્મયતા.

બો–૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

७७ इमं चर्मपुटं तावत् स्वबुध्द्यैव पृथक् कुरु ।
अस्थिपंजरतो मांसं प्रज्ञाशस्त्रेण मोचय ।। ६२ ।।

૭૭. પ્રથમ તો બુદ્ધિ વડે આ ચર્મપુટને જુદો સમજ. હાડકાંના પાંજરામાંથી પ્રજ્ઞાશસ્ત્ર વડે માંસને છૂટું કર. ૬૨

७८ अस्थीन्यपि पृथक् कृत्वा पश्य मज्जानम् अन्ततः ।
किम् अत्र सारम् अस्तीति स्वयम् एव विचारय ।।६३।।

૭૮. હાડકાંને પણ છૂટાં કરી અંદરની મજ્જાને જો. આમાં શો સાર છે તે તું તારી મેળે જ વિચાર. ૬૩

७९ एवम् अन्विष्य यत्नेन न दृष्टं सारम् अत्र ते ।
अधुना वद कस्मात् त्वं कायम् अद्यापि रक्षसि ।। ६४ ।।

૭૯. આ પ્રમાણે યત્નથી શોધીને એમાં તેં સાર જોયો નહિ; તો હવે કહે કે હજુ પણ શાથી તું કાયાનું રક્ષણ કરે છે? ૬૪

८० न खादितव्यम् अशुचि त्वया पेयं न शोणितम् ।
नान्त्राणि चूषितव्यानि किं कायेन करिष्यसि ।।६५।।

૮૦. અશુચિ ખવાવાનું નથી, લોહી પીવાવાનું નથી, આંતરડાંઓ ચુસાવાનાં નથી; (તો પછી) કાયાનું તું શું કરીશ? ૬૫

८१ युक्तं गृध्रशृगालादेराहारार्थं तु रक्षितम् ।
कर्मोपकरणं त्वेतन्मनुष्याणां शरीरकम् ।। ६६ ।।

૮૧. ગીધ અને શિયાળ વગેરેના આહાર માટે તે (શરીર) રક્ષ્યું છે એ યુક્ત છે? મનુષ્યોનું આ શરીર તો કર્મનું સાધન છે. ૬૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

८२ एवं ते रक्षतश्चापि मृत्युराच्छिद्य निर्दयः ।
कायं दास्यति गृध्रेभ्यस्तदा त्वं किं करिष्यसि ।।६७।।

૮૨. આ પ્રમાણે તું રક્ષણ કરતાં છતાં નિર્દય મૃત્યુ છીનવી લઈને ગીધડાંઓને કાયા આપશે ત્યારે તું શું કરીશ? ૬૭

८३ दत्त्वास्मै वेतनं तस्मात् स्वार्थं कुरु मनोऽधुना ।
न हि वैतनिकोपात्तं सर्वं तस्मै प्रदीयते ।। ६९ ।।

૮૩. તેથી આને ભાડું આપીને મનને તું સ્વાર્થ તરફ લગાડ. ભાડુતીએ ઉપાર્જન કરેલું બધું તેને અપાતું નથી. ૬૯

८४ एवं वशीकृतः स्वात्मा नित्यं स्मितमुखो भवेत् ।
त्यजेद् भृकुटिसंकोचं पूर्वाभाषी जगत्सुहृद् ।। ७१ ।।

૮૫. આ પ્રમાણે વશ કરેલો આત્મા હંમેશાં હસતે મોઢે રહે. પહેલો આવકાર આપનાર જગતનો મિત્ર ભવાં ન ચડાવે. ૭૧

८५ सशब्दपातं सहसा न पीठादीन् विनिक्षिपेत् ।
नास्फालयेत् कपाटं च स्यान्निःशब्दरुचिः सदा ।।७२।।

૮૫. પાટલા વગેરે ધડાક દઈને નાખવા નહીં; કમાડ ભડોભડ અથડાવવાં નહીં; હંમેશાં શાંતિપ્રિય થવું. ૭૨

८६ बको बिडालश्चौरश्च निःशब्दो निभृतश्चरन् ।
प्राप्नोत्यभिमतं कार्यम् एवं नित्यं यतिश्चरेत् ।। ७३ ।।

૮૬. બગલો, બિલાડો અને ચોર લોક અવાજ કર્યાં વિના છાનામાના ફરીને પોતાનું ધાર્યું કરે છે; એ પ્રમાણે યતિએ આચરવું જોઈએ. ૭૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૮૭ परचोदनदक्षाणां अनधीष्टोपकारिणाम् ।
प्रतीच्छेच्छिरसा वाक्यं सर्वशिष्यः सदा भवेत् ।। ७४ ।।

૮૭. બીજાઓને પ્રેરવામાં કુશળ અને વિનંતી કર્યા વિના હિત કરનારા (માણસો)નું વાક્ય માથે ચડાવવું. હમેશાં બધાના શિષ્ય થવું. ૭૪

૮૮ सुभाषितेषु सर्वेषु साधुकारम् उदीरयेत् ।
पुण्यकारिणम् आलोक्य स्तुतिभिः संप्रहर्षयेत् ।। ७५ ।।

૮૮. બધાં સારાં વચનોમાં 'સારું! સારું!' એમ કહેવું. પુણ્ય કરનારને જોઈ સ્તુતિ વડે ખુશ કરવો. ૭૫

૮९ परोक्षं च गुणं ब्रूयाद् अनुब्रूयाच्च तोषतः ।
स्ववर्णे भाष्यमाणे च भावयेत् तद्गुणज्ञताम् ।। ७६ ।।

૮૯. (પર) ગુણોનું કથન પરોક્ષ કરવું; સંતોષથી (ગુણકથનનું) અનુમોદન (પ્રત્યક્ષ પણ) કરવું. પોતાના ગુણોની સ્તુતિ થાય ત્યારે (સ્તુતિ કરનારની) ગુણજ્ઞતાની ભાવના કરવી. ૭૬

९० सर्वारम्भा हि तुष्टचर्थाः सा वित्तैरपि दुर्लभा ।
भोक्ष्ये तुष्टिसुखं तस्मात् परश्रमकृतैर्गुणैः ।। ७७ ।।

૯૦ બધા પ્રયત્નો સંતોષને માટે છે; તે સંતોષ ધનથી દુર્લભ છે. તેથી ઉત્તમ શ્રમથી જન્ય એવા (અન્યના) ગુણોથી હું સંતોષનું સુખ ભોગવીશ. ૭૭

९१ विश्वस्तविन्यस्तपदं विस्पष्टार्थं मनोरमम् ।
श्रुतिसौख्यं कृपामूलं मृदुमंदस्वरं वदेत् ।। ७९ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૯૧. વિશ્વાસવાળું, બરાબર શબ્દો ગોઠવેલા હોય એવું, સ્પષ્ટ અર્થવાળું, સુંદર, કાનને સુખકર, કૃપાયુક્ત, મૃદુ અને મંદ સ્વરે (વચન) બોલવું. ૭૯

९२ ऋजु पश्येत् सदा सत्त्वांश्चक्षुषा संपिबन्निव ।
एतान्येव समाश्रित्य बुद्धत्वं मे भविष्यति ॥ ८० ॥

૯૨. પ્રાણીઓને આંખ વડે પીતા હોઈએ તેમ હમેશાં સરળતાથી જોવું. આ (બધી) બાબતોનો જ આશ્રય લઈને હું બુદ્ધ થઈ શકીશ. ૮૦

९३ एवं बुद्ध्वा परार्थेषु भवेत् सततम् उत्थितः ।
निषिद्धम् अप्यनुज्ञातं कृपालोरर्थदर्शिनः ॥ ८४ ॥

૯૩. આમ જાણીને પારકાના કામમાં હમેશ તૈયાર રહેવું. કૃપાળુ તેમ જ પરપ્રયોજનદર્શી માટે નિષિદ્ધની પણ છૂટ છે. ૮૪

९४ विनिपातगतानाथव्रतस्थान् संविभज्य च ।
भुंजीत मध्यमां मात्रां त्रिचीवरबहिस्त्यजेत् ॥ ८५ ॥

૯૪. આફતમાં આવી પડેલા, અનાથ અને વ્રતવાળાઓમાં સરખે ભાગે વહેંચીને મધ્યમ માપથી ખાવું, અને ત્રણ ચીવરથી વધારે હોય તેને છોડી દેવું. ૮૫

९५ सद्धर्मसेवकं कायम् इतरार्थं न पीडयेत् ।
एवम् एव हि सत्त्वानाम् आशाम् आशु प्रपूरयेत् ॥८६॥

૯૫. સદ્ધર્મની સેવા કરનારી કાયાને બીજાના (અલ્પ પ્રયોજન) માટે ન પીડવી; અને એ રીતે જ સત્ત્વોની (ભૂતપ્રાણીઓની) આશા જલદી પૂરવી. ૮૬

ઓઢવાનો-કપડો અથવા શરીરને ઢાંકવાના ત્રણ કપડાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

९६ त्यजेन्न जीवितं तस्माद् अशुद्धे करुणाशये ।
तुल्याशये तु तत् त्याज्यम् इत्थं न परिहीयते ॥ ८७ ॥

૯૬. તેથી અશુદ્ધ કરુણાના આશયમાં જીવિત તજવું નહીં. પણ તુલ્ય આશયમાં તો તે છોડવું જોઈએ; એથી હાનિ થતી નથી. ૮૭

९७ एतद् एव समासेन संप्रजन्यस्य लक्षणम् ।
यत् कायचित्तावस्थायाः प्रत्यवेक्षा मुहुर्मुहुः ॥ १०८ ॥

૯૭. કાય અને ચિત્તની અવસ્થાની ફરી ફરી તપાસ રાખવી એ જ ટૂંકામાં સંપ્રજન્યનું લક્ષણ છે. ૧૦૮

९८ कायेनैव पठिष्यामि वाक्पाठेन तु किं भवेत् ।
चिकित्सापाठमात्रेण रोगिणः किं भविष्यति ॥१०९॥

संप्रजन्यरक्षणं पञ्चमः परिच्छेदः ।

૯૮. શરીર વડે જ પાઠ કરીશ, વાણીના પાઠથી શું વળવાનું છે? ચિકિત્સાના પાઠ માત્રથી રોગીનું શું હિત થાય? ૧૦૯

**સંપ્રજન્યરક્ષણ નામનો પાંચમો પરિચ્છેદ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ષષ્ઠ પરિચ્છેદ

९९ सर्वम् एतत् सुचरितं दानं सुगतपूजनम् ।
कृतं कल्पसहस्रैर्यत् प्रतिघः प्रतिहन्ति तत् ॥ १ ॥

૯૯. હજારો કલ્પોમાં કરેલ દાન, બુદ્ધપૂજન આદિ સર્વ સુચરિતને દ્વેષ હણે છે. ૧

१०० न च द्वेषसमं पापं न च क्षांतिसमं तपः ।
तस्मात् क्षांति प्रयत्नेन भावयेद् विविधैर्नयैः ॥ २ ॥

૧૦૦. દ્વેષ સમું પાપ નથી; ક્ષાંતિ (ક્ષમા) સમું તપ નથી. તેથી પ્રયત્નપૂર્વક વિવિધ ઉપાયો વડે ક્ષાંતિની ભાવના કરવી જોઈએ. ૨

१०१ मनः शमं न गृह्णाति न प्रीतिसुखम् अश्नुते ।
न निद्रां न धृतिं याति द्वेषशल्ये हृदि स्थिते ॥ ३ ॥

૧૦૧. હૃદયમાં જ્યાં સુધી દ્વેષશલ્ય હોય ત્યાં સુધી મન શાંતિ ગ્રહણ કરતું નથી, પ્રીતિસુખને ભોગવતું નથી, તથા નિદ્રા કે ધીરજને પામતું નથી. ૩

१०२ यदि स्वभावो बालानां परोपद्रवकारिता ।
तेषु कोपो न युक्तो मे यथाग्नौ दहनात्मके ॥ ३९ ॥

૧૦૨. જો બાળકોનો સ્વભાવ બીજાઓને પીડા કરવી એ જ હોય, તો જેમ બાળવાના સ્વભાવવાળા અગ્નિ ઉપર કોપ કરવા યોગ્ય નથી, તેમ તેઓ ઉપર કોપ કરવો મને યોગ્ય નથી. ૩૯



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१०३ मुख्यं दण्डादिकं हित्वा प्रेरके यदि कुप्यते ।
द्वेषेण प्रेरितः सोऽपि द्वेषे द्वेषोऽस्तु मे वरम् ॥ ४१ ॥

૧૦૩. લાકડી વગેરે મુખ્યને છોડીને તેના પ્રેરનાર પુરુષ તરફ જો ગુસ્સો કરવામાં આવે, તો તે પણ દ્વેષથી પ્રેરાયેલો છે; તેથી દ્વેષ ઉપર જ દ્વેષ કરવો એ મારે માટે બહેતર છે. ૪૧

१०४ मयापि पूर्वं सत्त्वानाम् ईदृश्येव व्यथा कृता ।
तस्मान् मे युक्तम् एवैतत् सत्त्वोपद्रवकारिणः ॥ ४२ ॥

૧૦૪. મેં પણ પહેલાં સત્ત્વોને (ભૂતપ્રાણીઓને) આવી પીડા કરી હતી; તેથી સત્ત્વોને પીડા આપનાર એવા મને આ યોગ્ય જ છે. ૪૨

१०५ तच्छस्त्रं मम कायश्च द्वयं दु;खस्य कारणम् ।
तेन शस्त्रं मया कायो गृहीतः कुत्र कुप्यते ॥ ४३ ॥

૧૦૫. તેનું શસ્ત્ર અને મારી કાયા એ બન્ને દુઃખનું કારણ છે; તેણે શસ્ત્ર ગ્રહ્યું અને મેં કાયા ગ્રહી. ગુસ્સો કોના ઉપર કરવો? ૪૩

१०६ अहमेवापकार्येषां ममैते चोपकारिणः ।
कस्माद् विपर्ययं कृत्वा खलचेतः प्रकुप्यसि ॥ ४९ ॥

૧૦૬. હું જ તેમનો અપકારી છું, મારા એ ઉપકારીઓ છે. હે લુચ્ચા ચિત્ત, શા માટે વિપર્યય કરીને તું ગુસ્સે થાય છે? ૪૯

१०७ न्यक्कारः परुषं वाक्यम् अयशश्चेत्ययं गणः ।
कायं न बाधते तेन चेतः कस्मात् प्रकुप्यसि ॥ ५३ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

... महावीर जैन आराधना केन्द्र, कोबा



૧૦૭. તુચ્છકાર, કઠોર વચન, અપયશ, એ બધો સમુદાય શરીરને પીડી શકતો નથી; તેથી હે ચિત્ત! તું શા માટે ગુસ્સે થાય છે? ૫૩

૧૦૮ वरम् अद्यैव मे मृत्युर्न मिथ्या जीवितं चिरम् ।
यस्माच्चिरम् अपि स्थित्वा मृत्युदुःखं तद् एव मे ।।५६।।

૧૦૮. આજે જ મારું મૃત્યુ થાય તો સારું. લાંબા વખત સુધીનું મિથ્યા જીવિત સારું નથી; કારણ કે લાંબા વખત સુધી રહીને પણ (આખરે) તે જ મૃત્યુનું દુઃખ મને થવાનું છે. ૫૬

૧૦૯ प्रतिमास्तूपसद्धर्मनाशकाक्रोशकेषु च ।
न युज्यते मम द्वेषो बुद्धादीनां न हि व्यथा ।। ६४ ।।

૧૦૯. પ્રતિમાનો, સ્તૂપનો અને સદ્ધર્મનો વિનાશ કરનાર અને (તે બધા વિષે) ઊંધું બોલનાર પ્રત્યે દ્વેષ કરવો મને યોગ્ય નથી; કારણ કે બુદ્ધ વગેરેને (એ બધાં કૃત્યોથી) વ્યથા થતી નથી. ૬૪

૧૧૦ मोहादेकेऽपराध्यंति कुप्यन्त्यन्येऽपि मोहिताः ।
ब्रूमः कमेषु निर्दोषं कं वा ब्रूमोऽपराधिनम् ।। ६७ ।।

૧૧૦. કેટલાક મોહને લઈને અપરાધ કરે છે, બીજા પણ મોહને લઈને ગુસ્સે થાય છે; તેમાં કોને નિર્દોષ કહેવા અને કોને અપરાધી કહેવા? ૬૭

૧૧૧ न केवलं त्वम् आत्मानं कृतपापं न शोचसि ।
कृतपुण्यैः सह स्पर्धाम् अपरैः कर्तुम् इच्छसि ।। ८६ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૧૧. તું કેવળ તારી પાપી જાતને શોચતો નથી, એટલું જ નહિ પણ બીજા પુણ્યશાળીઓ સાથે સ્પર્ધા કરવાને ઇચ્છે છે. ૮૯

११२ स्तुतिर्यशोऽथ सत्कारो न पुण्याय न चायुषे ।
न बलार्थं न चारोग्ये न च कायसुखाय मे ॥ ९० ॥

૧૧૨. સ્તુતિ, યશ અને સત્કાર મારા પુણ્યને માટે પણ નથી અને આયુષ્યને માટે પણ નથી; બળને માટે પણ નથી અને કાયસુખને માટે પણ નથી. ૯૦

११३ यशोर्थं हारयन्त्यर्थम् आत्मानं मारयन्त्यपि ।
किम् अक्षराणि भक्ष्याणि मृते कस्य च तत्सुखम् ॥ ९२ ॥

૧૧૩. (લોકો) યશને માટે પૈસો લૂંટાવી દે છે, જાતને પણ મરવા દે છે. પરંતુ શું (નામનાના) અક્ષરો ખાવાના છે? મર્યા પછી કોને તેનું સુખ છે? ૯૨

११४ यथा पांशुगृहे भिन्ने रोदित्यार्तरवं शिशुः ।
तथा स्तुतियशोहानौ स्वचित्तं प्रतिभाति मे ॥ ९३ ॥

૧૧૪. જેમ ધૂળનું ઘર ભાગી જતાં બાળક આર્ત સ્વરે રડે છે, તેમ સ્તુતિ અને યશની હાનિ થતાં મારા ચિત્તની સ્થિતિ થાય છે, એમ મને લાગે છે. ૯૩

११५ स्तुत्यादयश्च मे क्षेमं संवेगं नाशयन्त्यमी ।
गुणवत्सु च मात्सर्यं संपत्कोपं च कुर्वते ॥ ९८ ॥

૧૧૫. આ સ્તુતિ વગેરે મારાં ક્ષેમ અને વૈરાગ્યને નાશ કરે છે, અને ગુણવાનો પ્રત્યે મત્સરતા અને તેમની સંપત્તિ વિષે ગુસ્સો ઊભો કરે છે. ૯૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

११६ तस्मात् स्तुत्यादिघाताय मम ये प्रत्युपस्थिताः ।
अपायपातरक्षार्थं प्रवृत्ता ननु ते मम ।। ९९ ।।

૧૧૬. તેથી મારી સ્તુતિ વગેરેનો ઘાત કરવાને માટે જે લોકો તત્પર થાય છે, તે ખરેખર મને નરકમાં પડતો બચાવવાને માટે જ પ્રવૃત્ત થાય છે. ૯૯

११७ पुण्यविघ्नकृतोऽनेनेत्यत्र कोपो न युज्यते ।
क्षान्त्या समं तपो नास्ति नन्वेतत् तद् उपस्थितम् ।।१०२।।

૧૧૭. આણે મારા પુણ્યમાં વિઘ્ન કર્યું છે એ પ્રમાણે વિચારીને એના પ્રત્યે કોપ કરવો યોગ્ય નથી; ક્ષાન્તિ સમું તપ નથી. ખરેખર, એ જ અહીંયાં ઉપસ્થિત થયું છે. ૧૦૨

११८ अथाहम् आत्मदोषेण न करोमि क्षमाम् इह ।
मयैवात्र कृतो विघ्नः पुण्यहेतावुपस्थिते ।। १०३ ।।

૧૧૮. હવે જો હું મારા પોતાના જ દોષથી ક્ષમા ન કરું, તો પુણ્યનો હેતુ આવ્યા છતાં પણ મેં જ એમાં વિઘ્ન કર્યું કહેવાય. ૧૦૩

११९ अश्रमोपार्जितस्तस्माद् गृहे निधिरिवोत्थितः ।
बोधिचर्यासिहायत्वात् स्पृहणीयो मया रिपुः ।। १०७ ।।

૧૧૯. તેથી શ્રમ વિના કમાયેલો આ ખજાનો મારા ઘરની અંદર આવી ઊભો છે; બોધિચર્યામાં સહાય રૂપ હોવાથી શત્રુની પણ મારે સ્પૃહા કરવી જોઈએ. ૧૦૭

१२० अपकाराशयोऽस्येति शत्रुर्यदि न पूज्यते ।
अन्यथा मे कथं क्षान्तिर्भिषजीव हितोद्यते ।। ११० ।।

૧૨૦. હિત કરવામાં તત્પર એવા વૈદ્યને વિષે આદર સેવાય છે, તેવો આદર, આનો આશય અપકારનો છે એમ

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચારી, શત્રુનો ન કરું, તો બીજી કઈ રીતે મારી ક્ષાન્તિ થવાની? ૧૧૦

१२१ तद् दुष्टाशयम् एवातः प्रतीत्योत्पद्यते क्षमा ।
स एवातः क्षमाहेतुः पूज्यः सद्धर्मवन्मया ॥ १११ ॥

૧૨૧. આમ, તેના દુષ્ટ આશયને લઈને જ ક્ષમા ઉત્પન્ન થાય છે; માટે તે જ ક્ષમાનો હેતુ છે; મારે તેને સદ્ધર્મની જેમ પૂજવો જોઈએ. ૧૧૧

१२२ सत्त्वक्षेत्रं जिनक्षेत्रम् इत्यतो मुनिनोदितम् ।
एतान् आराध्य बहवः संपत्पारं यतो गताः ॥ ११२ ॥

૧૨૨. સત્ત્વોનું (ભૂતપ્રાણીઓનું) ક્ષેત્ર એ જિનોનું ક્ષેત્ર છે, એમ મુનિએ કહ્યું છે. કારણ કે તેઓને આરાધીને ઘણાઓ (સર્વ) સંપત્તિનો પાર પામ્યા છે. ૧૧૨

१२३ मैत्र्याशयश्च यत्पूज्यः सत्त्वमाहात्म्यम् एव तत् ।
बुद्धप्रसादाद् यत्पुण्यं बुद्धमाहात्म्यम् एव तत् ॥ ११५ ॥

૧૨૩. મૈત્રી-આશયવાળો લોકોમાં જે પૂજાય છે, તે સત્ત્વોનું જ માહાત્મ્ય છે (સત્ત્વોને જ આભારી છે). બુદ્ધના પ્રસાદથી જે પુણ્ય થાય છે, તે બુદ્ધનું જ માહાત્મ્ય છે. ૧૧૫

१२४ येषां सुखे यान्ति मुदं मुनीन्द्रा
येषां व्यथायां प्रविशन्ति मन्युम् ।
तत्तोषणात् सर्वमुनींद्रतुष्टि-
स्तत्रापकारेऽपकृतं मुनीनाम् ॥ १२२ ॥

૧૨૪. જે બીજાં સત્ત્વોનું સુખ જોઈને મુનિઓ પ્રસન્ન થાય છે, અને જેમનું દુઃખ જોઈને તેઓ દિલગીર થાય છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે સત્ત્વોને સંતોષવામાં સર્વ મુનિઓને સંતોષ છે. તેઓનો અપકાર કરતાં મુનિઓનો અપકાર થાય છે. ૧૨૨

१२५ आदीप्तकायस्य यथा समन्तान्
न सर्वकामैरपि सौमनस्यम् ।
सत्त्वव्यथायाम् अपि तद्वद् एव
न प्रीत्युपायोऽस्ति दयामयानाम् ।। १२३ ।।

૧૨૫. જેમ બધેથી સળગતા શરીરવાળાને સર્વ કામનાઓ (પૂરી થવા)થી પણ પ્રસન્નતા થતી નથી, તેમ અન્ય સત્ત્વોને વ્યથા હોય ત્યાં સુધી દયામયોને પણ પ્રસન્ન કરવા શક્ય નથી. ૧૨૩

१२६ आत्मीकृतं सर्वम् इदं जगत् तैः
कृपात्मभिर्नैव हि संशयोऽस्ति ।
दृश्यन्त एते ननु सत्त्वरूपा-
स्त एव नाथाः किम् अनादरोऽत्र ।। १२६ ।।

૧૨૬. તે કૃપાળુઓએ આ સર્વ જગતને પોતાનું કર્યું છે તેમાં સંશય નથી. તે પ્રભુઓ જ ખરેખર આ સત્ત્વો રૂપે દેખાય છે. તે સત્ત્વો પ્રત્યે અનાદર શો? ૧૨૬

१२७ तथागताराधनम् एतद् एव
स्वार्थस्य संसाधनम् एतद् एव ।
लोकस्य दुःखापहम् एतद् एव
तस्मान् ममास्तु व्रतम् एतद् एव ।। १२७ ।।

૧૨૭. તથાગતનું આરાધન પણ આ જ છે, સ્વાર્થની સાધના પણ આ જ છે; લોકના દુઃખને દૂર કરનાર પણ આ જ છે. તેથી મારું આ જ વ્રત હો. ૧૨૭

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१२८ कुपितः किं नृपः कुर्याद् येन स्यान् नरकव्यथा ।
यत् सत्त्वदौर्मनस्येन कृतेन ह्यनुभूयते ॥ १३१ ॥

૧૨૮. સત્ત્વોને દુઃખી કરવાથી જે નરકવ્યથા અનુભવાય છે, તેવી વ્યથા શું ગુસ્સે થયેલો રાજા આપી શકે ખરો? ૧૩૧

१२९ तुष्टः किं नृपतिर्दद्याद् यद् बुद्धत्वसमं भवेत् ।
यत् सत्त्वसौमनस्येन कृतेन ह्यनुभूयते ॥ १३२ ॥

૧૨૯. સત્ત્વોને સુખી કરવાથી અનુભવાય એવું, (કે જે) બુદ્ધત્વની બરાબર થાય એવું (છે, તેવું) કશું સંતુષ્ટ થયેલો રાજા આપી શકે ખરો? ૧૩૨

१३० आस्तां भविष्यद्बुद्धत्वं सत्त्वाराधनसंभवम् ।
इहैव सौभाग्ययशःसौस्थित्यं किं न पश्यसि ॥१३३॥

૧૩૦. સત્ત્વોને આરાધવામાં ઉત્પન્ન થતું ભવિષ્યનું બુદ્ધત્વ બાજુએ રહો; અહીંયાં (તેનાથી મળતાં) સૌભાગ્ય, યશ અને સ્વસ્થતા તું શું નથી જોઈ શકતો? ૧૩૩

१३१ प्रासादिकत्वम् आरोग्यं प्रामोद्यं चिरजीवितम् ।
चक्रवर्तिसुखं स्फीतं क्षमी प्राप्नोति संसरन् ॥१३४॥

क्षान्तिपारमिता षष्ठः परिच्छेदः ।

૧૩૧. આમ વિહરતો ક્ષમાવાળો પુરુષ પ્રસન્નતા, પ્રમોદ, દીર્ઘાયુષ, વિસ્તારવાળું ચક્રવર્તી સુખ, સંસારમાં પ્રાપ્ત કરે છે. ૧૩૪

**ક્ષાન્તિ પારમિતા નામનો છઠ્ઠો પરિચ્છેદ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## સપ્તમ પરિચ્છેદ

१३२ एवं क्षमी भजेद् वीर्यं वीर्ये बोधिर्यतः स्थिता ।
न हि वीर्यं विना पुण्यं यथा वायुं विना गतिः ।।१।।

૧૩૨. આ પ્રમાણે ક્ષમાવાળા માણસે વીર્યનો આશ્રય લેવો જોઈએ. કારણ કે વીર્યમાં બોધિ રહેલી છે. જેમ વાયુ વિના ગતિ નથી, તેમ વીર્ય વિના પુણ્ય નથી. ૧

१३३ किं वीर्यं कुशलोत्साहस्तद् विपक्षः क उच्यते ।
आलस्यं कुत्सितासक्तिर्विषादात्मावमन्यना ।। २ ।।

૧૩૩. વીર્ય શું? (વીર્ય એટલે) કુશલ કર્મોમાં ઉત્સાહ; તેથી ઊલટું શું? તો આળસ, અપલક્ષણમાં આસક્તિ, વિષાદ અને પોતાની જાત વિષે અવજ્ઞા. ૨

१३४ अव्यापार-सुखास्वाद-निद्रापाश्रयतृष्णया ।
संसारदुःखानुद्वेगाद् आलस्यम् उपजायते ।। ३ ।।

૧૩૪. સંસારનાં દુઃખથી ઉદ્વેગ ન થવાથી, એદીપણાથી, એશઆરામથી, ઊંઘથી, અઢેલવાની ઇચ્છાથી આળસ ઉત્પન્ન થાય છે. ૩

१३५ निरुद्यमफलाकांक्षिन् सुकुमार बहुव्यथ ।
मृत्युग्रस्तोऽमराकार हा दुःखित विहन्यसे ।। १३ ।।

૧૩૫. ઉદ્યોગકર્મ વિના ફળની ઇચ્છા રાખનારા, સુકુમાર છતાં બહુ પીડાવાળા, મૃત્યુથી ગ્રસ્ત છતાં અમરની આકૃતિવાળા હે દુઃખિત! હાય, તું માર્યો જાય છે! ૧૩



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१३६ मानुष्यं नावम् आसाद्य तर दुःखमहानदीम् ।
मूढ कालो न निद्राया इयं नौ दुर्लभा पुनः ।। १४ ।।

૧૩૬. માનવદેહરૂપી નાવ મેળવીને દુઃખની મહાનદીને તરી જા. હે મૂઢ! નિદ્રાનો વખત નથી. આ નાવ ફરી (મળવી) દુર્લભ છે. ૧૪

१३७ मुक्त्वा धर्मरतिं श्रेष्ठाम् अनन्तरतिसंततिम् ।
रतिरौद्धत्यहास्यादौ दुःखहेतौ कथं तव ।। १५ ।।

૧૩૭. અનંતકાળ સુધી આનંદપરંપરાવાળી આ ધર્મ-રતિને છોડીને દુઃખના હેતુ રૂપ ઔદ્ધત્ય, હાસ્ય વગેરેમાં તને કેમ મજા આવે છે? ૧૫

१३८ नैवावसादः कर्तव्यः कुतो मे बोधिरित्यतः ।
यस्मात् तथागतः सत्यं सत्यवादीदम् उक्तवान् ।।१७।।

૧૩૮. મને ક્યાંથી બોધિ થાય, એમ કહી ખિન્ન થવું નહિ. કારણ કે તથાગતે આ સત્ય કહ્યું છે— ૧૭

१३९ तेऽप्यासन् दंशमशका मक्षिकाः कृमयस्तथा ।
यैरुत्साहवशात् प्राप्ता दुरापा बोधिरुत्तमा ।। १८ ।।

૧૩૯. તે ડાંસ, મચ્છર, માખીઓ તથા કીડાઓ પણ હતા કે જેમના વડે ઉત્સાહને લઈને દુર્લભ એવી ઉત્તમ બોધિ પ્રાપ્ત કરાઈ. ૧૮

१४० किमुताहं नरो जात्या शक्तो ज्ञातुं हिताहितम् ।
सर्वज्ञनीत्यनुत्सर्गाद् बोधिं किं नाप्नुयाम् अहम् ।।१९।।

૧૪૦. તો પછી જન્મથી માણસ એવો હું, હિત અને અહિત જાણવાને શક્તિમાન હોઈ, સર્વજ્ઞના માર્ગને વળગી રહીને બોધિ કેમ નહિ મેળવું? ૧૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१४१ अथापि हस्तपादादि दातव्यम् इति मे भयम् ।
गुरुलाघवमूढत्वं तन् मे स्याद् अविचारतः ।। २० ।।

૧૪૧. અને વળી (બોધિ મેળવવા જતાં બીજાને અર્થે) હાથપગ આપી દેવા પડશે એવો મને ભય લાગે છે; અઘરું – સહેલું એવો મારો મોહ અવિચારને લઈને સંભવે છે. ૨૦

१४२ इदं तु मे परिमितं दुःखं संबोधिसाधनम् ।
नष्टशल्यव्यथापोहे तदुत्पाटनदुःखवत् ।। २२ ।।

૧૪૨. સંબોધિના સાધનનું આ જે મારું દુઃખ છે, તે પરિમિત છે. ભાગી ગયેલા કાંટાની વ્યથા દૂર કરવા જતાં તેને ખેંચી કાઢવાના દુઃખના જેવું છે. ૨૨

१४३ सर्वेऽपि वैद्याः कुर्वन्ति क्रियादुःखैर् अरोगताम् ।
तस्माद् बहूनि दुःखानि हन्तुं सोढव्यम् अल्पकम् ।।२३।।

૧૪૩. બધા વૈદ્યો (ઉપચાર-)ક્રિયાના દુઃખ વડે જ નીરોગિતા કરે છે. તેથી બહુ દુઃખો હણવાને માટે થોડું સહન કરી લેવું. ૨૩

१४४ क्रियाम् इमाम् अप्युचितां वरवैद्यो न दत्तवान् ।
मधुरेणोपचारेण चिकित्सति महातुरान् ।। २४ ।।

૧૪૪. ઉત્તમ વૈદ્યે (બુદ્ધ ભગવાને) આવી ઉચિત (દુઃખદાયક ઉપચાર-)ક્રિયા પણ આપી નહિ. મધુર ઉપચાર વડે તે મોટા રોગીઓની ચિકિત્સા કરે છે. ૨૪

१४५ पुण्येन कायः सुखितः पाण्डित्येन मनः सुखि ।
तिष्ठन्परार्थं संसारे कृपालुः केन खिद्यते ।। २८ ।।



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૪૫. પુણ્ય વડે કાયા સુખી થાય છે; પાંડિત્ય વડે મન સુખી થાય છે. પરોપકારને માટે સંસારમાં રહેતો કૃપાળુ શાનાથી ખેદ પામે? ૨૮

१४६ गुणलेशोऽपि नाभ्यासो मम जातः कदाचन ।
वृथा नीतं मया जन्म कथंचिल्लब्धम् अद्भुतम् ।।३६।।

૧૪૬. લેશ ગુણ વિષે પણ મને કદી અભ્યાસ થયો નથી. મહામુસીબતે મેળવેલો આ અદ્‌ભુત જન્મ ફોગટ ગાળ્યો. ૩૬

१४७ न प्राप्तं भगवत्पूजामहोत्सवसुखं मया ।
न कृता शासने कारा दरिद्राशा न पूरिता ।। ३७ ।।

૧૪૭. ભગવાનની પૂજાના મહોત્સવનું સુખ મેં મેળવ્યું નહિ, બુદ્ધશાસનની પૂજા કરી નહિ; ગરીબોની આશા પૂરી નહિ. ૩૭

१४८ भीतेभ्यो नाभयं दत्तम् आर्ता न सुखिनः कृताः ।
दुःखाय केवलं मातुर्गतोऽस्मि गर्भशल्यताम् ।। ३८ ।।

૧૪૮. ભયવાળાઓને અભય આપ્યું નહિ; દુઃખીઓને સુખી કર્યાં નહિ. માને દુઃખ આપવા માટે જ હું ગર્ભ-શલ્ય થયો. ૩૮

१४९ कुशलानां च सर्वेषां छन्दं मूलं मुनिर्जगौ ।
तस्मात् कार्यः शुभच्छन्दो भावयित्वैवम् आदरात्
।। ४०–४६ ।।

૧૪૯. સર્વ કુશળનું મૂળ મુનિએ આશય કહ્યો છે. આ પ્રમાણે આદરથી ભાવના કરી શુભ આશય કરવો. ૪૦–૪૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१५० मृतं दुण्डुभम् आसाद्य काकोऽपि गरुडायते ।
आपद् आबाधतेऽल्पापि मनो मे यदि दुर्वलम् ।।५२।।

૧૫૦. મરેલા ડેંડવા પાસે આવીને કાગડો પણ ગરુડ જેવો થાય છે. મારું મન જો દુર્બળ હોય તો નાની આપદા પણ મને પીડે. ૫૨

१५१ ये सत्त्वा मानविजिता वराकास्ते न मानिनः ।
मानी शत्रुवशं नैति मानशत्रुवशाश्च ते ।। ५६ ।।

૧૫૧ જે સત્ત્વો બિચારાં માનથી જિતાયેલાં છે, તે માની નથી. માની શત્રુને વશ થતો નથી. માનશત્રુ તેઓને વશ થાય છે. ૫૬

१५२ मानेन दुर्गतिं नीता मानुष्येऽपि हतोत्सवाः ।
परपिण्डाशिनो दासा मूर्खा दुर्दर्शनाः कृशाः ।। ५७ ।।

૧૫૨. માનથી દુર્ગતિ પામેલાઓ મનુષ્યત્વને વિશે પણ ઉત્સાહ વિનાના થઈ જાય છે. પારકું ખાનારા દાસ મૂર્ખ, ખરાબ દેદારના અને દૂબળા થાય છે. ૫૭

१५३ ते मानिनो विजयिनश्च त एव शूरा
ये मानशत्रुविजयाय वहन्ति मानं ।
ये तं स्फुरन्तमपि मानरिपुं निहत्य
कामं जने जयफलं प्रतिपादयन्ति ।। ५९ ।।

૧૫૩. તે જ માની પુરુષો છે અને વિજયી છે, તે જ શૂરા છે જે માનશત્રુના વિજયને માટે માન ધારણ કરે છે; અને જે સહેજે એવા સ્ફુરતા માનશત્રુને મારીને લોકમાં યથેચ્છ જયપ્રાપ્તિ કરે છે. ૫૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१५४ क्लेशप्रहारान् संरक्षन् क्लेशांस्तु प्रहरेद् दृढम् ।
खड्गयुद्धमिवापन्नः शिक्षितेनारिणा सह ।। ६७ ।।

૧૫૪. ક્લેશના પ્રહારોમાંથી રક્ષણ કરતાં ક્લેશોને દઢ પ્રહાર કરવો જોઈએ. કુશળ શત્રુની સાથે જાણે ખડ્ગ-યુદ્ધ કરતો હોય તેમ. ૬૭

१५५ तत्र खड्गं यथा भ्रष्टं गृह्णीयात् सभयस्त्वरम् ।
स्मृतिखड्गं तथा भ्रष्टं गृह्णीयान् नरकान्
स्मरन् ।। ६८ ।।

૧૫૫. તે (ખડ્ગયુદ્ધ)માં જેમ પડી ગયેલું ખડ્ગ ભયથી અને ત્વરાથી ઉપાડી લે, તેમ પડી ગયેલું સ્મૃતિ-ખડ્ગ નરકને યાદ કરી ઉપાડી લે. ૬૮

१५६ विषं रुधिरम् आसाद्य प्रसर्पति यथा तनौ ।
तथैव च्छिद्रम् आसाद्य दोषश्चित्ते प्रसर्पति ।। ६९ ।।

૧૫૬. જેમ ઝેર લોહીમાં પહોંચીને આખા શરીરમાં પ્રસરે છે, તેમ દોષ છિદ્રમાં પેસી ચિત્તમાં પ્રસરે છે. ૬૯

१५७ यथैव तुलकं वायोर्गमनागमने वशम् ।
तथोत्साहवशं यायाद् ऋद्धिश्चैवं समृध्यति ।। ७५ ।।

वीर्यपारमिता सप्तमः परिच्छेदः ।

૧૫૭. જેવી રીતે રૂ જવા-આવવામાં પવનને વશ હોય છે, તેમ ઉત્સાહને વશ થઈ ચાલવું જોઈએ. એ પ્રમાણે ઋદ્ધિ સમૃદ્ધ થાય છે. ૭૫

**વીર્યપારમિતા નામનો સાતમો પરિચ્છેદ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## અષ્ટમ પરિચ્છેદ

१५८ वर्धयित्वैवम् उत्साहं समाधौ स्थापयेन्मनः ।
विक्षिप्तचित्तस्तु नरः क्लेशदंष्ट्रान्तरे स्थितः ॥ १ ॥

૧૫૮. આ પ્રમાણે ઉત્સાહ વધારી સમાધિમાં મન સ્થાપવું જોઈએ. વિક્ષિપ્ત ચિત્તવાળો માણસ ક્લેશની દાઢમાં ઊભો છે. ૧

१५९ कायचित्तविवेकेन विक्षेपस्य न संभवः ।
तस्माल्लोकं परित्यज्य वितर्कान् परिवर्जयेत् ॥ २ ॥

૧૫૯. કાયવિવેકથી અને ચિત્તવિવેકથી વિક્ષેપનો સંભવ નથી. તેથી લોકને તજી દઈને વિતર્કો છોડી દેવા જોઈએ. ૨

१६० स्नेहान्न त्यज्यते लोको लाभादिषु च तृष्णया ।
तस्माद् एतत् परित्यागे विद्वान् एवं विचारयेत् ॥३॥

૧૬૦. સ્નેહથી લોક તજાતો નથી, અને લાભ વગેરેમાં તૃષ્ણા હોવાથી (તે) તજાતો નથી. તેથી તેના પરિત્યાગમાં વિદ્વાને આ પ્રમાણે વિચાર કરવો. ૩

१६१ शमथेन विपश्यनासुयुक्तः
कुरुते क्लेशविनाशम् इत्यवेत्य ।
शमथः प्रथमं गवेषणीयः
स च लोके निरपेक्षयाभिरत्या ॥ ४ ॥



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૬૧. સમાધિ વડે વિપશ્યનાથી* યુક્ત પુરુષ ક્લેશનો વિનાશ કરે છે એમ સમજી, સૌથી પ્રથમ સમાધિ શોધવી જોઈએ. અને સમાધિ લોકમાં અભિરતિની અપેક્ષા ન રાખવાથી થાય છે. ૪

१६२ न पश्यति यथाभूतं संवेगाद् अवहीयते ।
दह्यते तेन शोकेन प्रियसंगमकांक्षया ॥ ७ ॥

૧૬૨. યથાર્થ જોતો નથી, વૈરાગ્યથી ખસી જાય છે; પ્રિયસંગમની ઇચ્છાથી તે શોક તેને બાળે છે. ૭

१६३ तच्चिंतया मुधा याति ह्रस्वम् आयुर्मुहुर्मुहुः ।
अशाश्वतेन मित्रेण धर्मो भ्रश्यति शाश्वतः ॥ ८ ॥

૧૬૩. તેની ચિંતાથી આયુષ્ય ઘડી ઘડી વૃથા ક્ષીણ થાય છે. ક્ષણિક મિત્ર વડે શાશ્વત ધર્મ નષ્ટ થાય છે. ૮

१६४ बहवो लाभिनोऽभूवन् बहवश्च यशस्विनः ।
सह लाभयशोभिस्ते न ज्ञाता क्व गता इति ॥ २० ॥

૧૬૪. ઘણા લાભવાળાઓ થઈ ગયા, ઘણા આબરૂવાળા થઈ ગયા. તેઓ લાભ અને આબરૂ સાથે ક્યાં ચાલ્યા ગયા એની ખબર નથી. ૨૦

१६५ माम् एवान्ये जुगुप्सन्ति किं प्रहृष्याम्यहं स्तुतः ।
माम् एवान्ये प्रशंसन्ति किं विषीदामि निन्दितः ॥ २१ ।

૧૬૫. કેટલાક માણસો મારી નિંદા કરે છે; તો પછી સ્તુતિ પામીને હું શા માટે ખુશી થાઉં? બીજા મને વખાણે છે; તો પછી નિંદા પામીને હું શા માટે દિલગીર થાઉં? ૨૧

* વિપશ્યના=તત્ત્વનું યથાર્થ જ્ઞાન કરનારી પ્રજ્ઞા (यथाभूततत्त्वपरिज्ञानस्वभावा प्रज्ञा ।)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१६६ नानाधिमुक्तिकाः सत्त्वा जिनैरपि न तोषिताः ।
किं पुनर्मादृशैरज्ञैस्तस्मात् किं लोकचिन्तया ।। २२ ।।

૧૬૬. વિવિધ ઇચ્છાઓવાળાં સત્ત્વો જિન વડે પણ સંતોષાતાં નથી. તો પછી મારા જેવા અજ્ઞાનીઓ વડે શું થવાનું છે? તેથી લોકનો વિચાર કર્યે શું વળવાનું છે? ૨૨

१६७ शून्यदेवकुले स्थित्वा वृक्षमूले गुहासु वा ।
कदानपेक्षो यास्यामि पृष्ठतोऽनवलोकयन् ।। २७ ।।

૧૬૭. સૂના મંદિરમાં અથવા ઝાડ નીચે અથવા ગુફાઓમાં રહી પૂંઠે જોયા વિના અપેક્ષા રહિત ક્યારે હું વિચરીશ? ૨૭

१६८ असमेषु प्रदेशेषु विस्तीर्णेषु स्वभावतः ।
स्वच्छन्दचार्यनिलयो विहरिष्याम्यहं कदा ।। २८ ।।

૧૬૮. વિષમ અને સ્વભાવથી વિસ્તીર્ણ એવા પ્રદેશોમાં ઘર વિનાનો સ્વચ્છંદથી ફરતો હું ક્યારે વિચરીશ? ૨૮

१६९ मृत्पात्रमात्रविभवश्चौरासंभोगचीवरः ।
निर्भयो विहरिष्यामि कदा कायम् अगोपयन् ।। २९ ।।

૧૬૯. ફક્ત માટીનું એક વાસણ જેટલા જ વૈભવવાળો, ચોરોને પણ કામમાં ન આવે એવા ચીવરવાળો, તથા કાયાનું રક્ષણ કરવાની ફિકર વિનાનો નિર્ભય થઈ હું ક્યારે વિચરીશ? ૨૯

१७० कायभूमिं निजां गत्वा कंकालैरपरैः सह ।
स्वकायं तुलयिष्यामि कदा शतनधर्मिणम् ।। ३० ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૭૦. હું પોતાની સ્મશાનભૂમિમાં જઈ નાશ પામે એવી મારી કાયાને બીજાં હાડકાંઓ સાથે હું ક્યારે સરખાવીશ? ૩૦

१७१ अयम् एव हि कायो मे एवं पूतिर्भविष्यति ।
शृगाला अपि यद्गन्धान्नोपसर्पेयुरन्तिकम् ।। ३१ ।।

૧૭૧. આ જ મારું શરીર એવું ગંધાતું થઈ જશે કે જે ગંધથી શિયાળ પણ પાસે આવશે નહિ. ૩૧

१७२ अस्यैकस्यापि कायस्य सहजा अस्थिखण्डका: ।
पृथक् पृथग् गमिष्यन्ति किमुतान्य: प्रियो जन: ।।३२।।

૧૭૨. આ એક કાયાની સાથે ઉત્પન્ન થયેલાં હાડકાં છૂટાં છૂટાં થઈ જશે, તો પછી બીજા પ્રિયજનનું તો શું કહેવું? ૩૨

१७३ रणं जीवितसंदेहं विशन्ति किल जीवितुम् ।
मानार्थं दासतां यान्ति मूढा: कामविडम्बिता: ।।७७।।

૧૭૩. જેમાં જિંદગી સંદેહમાં આવે એવા રણમાં જીવનનિર્વાહ માટે લોકો પ્રવેશ કરે છે. વાસનાઓથી ઘેરાઈ મૂઢ માણસો માનને ખાતર દાસ થાય છે. ૭૭

१७४ एवम् उद्विज्य कामेभ्यो विवेके जनयेद् रतिम् ।
कलहायासशून्यासु शान्तासु वनभूमिषु ।। ८५ ।।

૧૭૪. આ પ્રમાણે વાસનાઓમાંથી ઉદ્વેગ પામી કલહ આયાસથી રહિત, શૂન્ય અને શાન્ત વનભૂમિમાં વિવેક વિષે પ્રેમ ઉત્પન્ન કરવો. ૮૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१७५ धन्यैः शशांककरचन्दनशीतलेषु
रम्येषु हर्म्यविपुलेषु शिलातलेषु ।
निःशब्दसौम्यवनमारुतवीज्यमानैः
चक्रम्यते परहिताय विचिंत्यते च ।। ८६ ।।

૧૭૫. ચંદ્રનાં કિરણ અને ચંદન જેવાં શીતળ તથા હવેલીઓ જેવાં મોટાં રમ્ય શિલાતલોમાં શાંત અને સુંદર વન-વાયુ ભોગવતા ધન્ય પુરુષો વિચરે છે અને પરહિતને માટે ચિંતન કરે છે. ૮૬

१७६ स्वच्छन्दचार्यनिलयः प्रतिबद्धो न कस्यचित् ।
यत्संतोषसुखं भुंक्ते तद् इंद्रस्यापि दुर्लभम् ।। ८८ ।।

૧૭૬. સ્વેચ્છાએ વિહાર કરતો, ઘર વિનાનો તથા કોઈથી પણ નહિ બંધાયેલો પુરુષ જે સંતોષ-સુખને અનુભવે છે, તે ઇંદ્રને પણ દુર્લભ છે. ૮૮

१७७ एवम् आदिभिराकारैर्विवेकगुणभावनात् ।
उपशान्तवितर्कः सन् बोधिचित्तं तु भावयेत् ।।८९।।

૧૭૭. ઉપર કહ્યા એ બધા પ્રકારો વડે વિવેકગુણની ભાવનાથી વિતર્ક શાંત થતાં બોધિચિત્તની ભાવના કરવી. ૮૯

१७८ परात्मसमताम् आदौ भावयेद् एवम् आदरात् ।
समदुःखसुखाः सर्वे पालनीया मयात्मवत् ।। ९० ।।

૧૭૮. પહેલાં પારકાની ને પોતાની વચ્ચે સમતાની ભાવના આદરથી કરવી કે, મારે સર્વને મારી પોતાની જાતની માફક સરખાં સુખદુઃખવાળાં માની પાળવાં જોઈએ. ૯૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१७९ हस्तादिभेदेन बहुप्रकारः
कायो यथैकः परिपालनीयः ।
तथा जगद्भिन्नमभिन्नदुःख–
सुखात्मकं सर्वम् इदं तथैव ।। ९१ ।।

૧૭૯. હાથ વગેરેના ભેદથી બહુ પ્રકારનું શરીર જેમ એક ગણી પોષવામાં આવે છે, તેમ આ ભિન્ન જગત અભિન્ન સુખદુઃખવાળું માની તેમ જ (પોષવું જોઈએ.) ૯૧

१८० मयान्यदुःखं हन्तव्यं दुःखत्वाद् आत्मदुःखवत् ।
अनुग्राह्या मयान्येऽपि सत्त्वत्वाद् आत्मसत्त्ववत् ।।९४

૧૮૦. મારે બીજાઓનું દુઃખ દુઃખ હોવાને કારણે જ પોતાના દુઃખની પેઠે નિવારવું જોઈએ. મારે બીજાઓ સત્ત્વ હોવાથી તેઓ ઉપર પોતાના સત્ત્વની જેમ અનુગ્રહ કરવો જોઈએ. ૯૪

१८१ यदि यस्यैव यद् दुःखं रक्ष्यं तस्यैव तन्मतम् ।
पाददुःखं न हस्तस्य कस्मात् तत् तेन रक्ष्यते ।। ९९ ।

૧૮૧. જેનું જે દુઃખ હોય તેણે જ તે રક્ષવું જોઈએ, એમ જો મનાતું હોય, તો પગનું દુઃખ હાથનું નથી; તો પછી તે શા માટે તેનું રક્ષણ કરે? ૯૯

१८२ एवं भावितसंताना: परदुःखसमप्रियाः ।
अवीचिम् अवगाहन्ते हंसाः पद्मवनं यथा ।। १०७ ।।

૧૮૨. આ પ્રમાણે જેઓની ચિત્તસ્થિતિ બીજાના આત્માને પોતાની સમાન ગણવા પ્રવૃત્ત થઈ છે, તેઓ પોતાની સુખસગવડ એ બીજાઓને દુઃખ જેવી હોય તો, બીજાઓના દુઃખનો ઉદ્ધાર કરવા પોતાનું સુખ જતું કરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવીચિ – નરકમાં પણ પ્રવેશ કરે છે; જેવી રીતે હંસો પદ્મવનમાં. ૧૦૭

१८३ मुच्यमानेषु सत्त्वेषु ये ते प्रामोद्यसागराः ।
तैरेव ननु पर्याप्तं मोक्षेणारसिकेन किम् ॥ १०८ ॥

૧૮૩. સત્ત્વો મુક્ત થતાં જે આનંદના સાગરો ઊલટે છે, તેનાથી જ ખરેખર બસ છે; અરસિક મોક્ષને શું કરવો છે? ૧૦૮

१८४ अतः परार्थं कृत्वापि न मदो न च विस्मयः ।
न विपाकफलाकांक्षा परार्थैकान्ततृष्णया ॥ १०९ ॥

૧૮૪. આથી પરોપકાર કરીને પણ મદ અને અભિમાન નથી. પરોપકારની જ કેવળ તૃષ્ણાથી – મમતાથી વિપાક-ફળની આકાંક્ષા નથી. ૧૦૯

१८५ कायस्यावयवत्वेन यथाभिष्टाः करादयः ।
जगतोऽवयवत्वेन तथा कस्मान्न देहिनः ॥ ११४ ॥

૧૮૫. જેમ હાથ વગેરે શરીરના અવયવ તરીકે અભિષ્ટ મનાય છે, તેમ દેહીઓ જગતના અવયવો તરીકે શા માટે ન ગણાય? ૧૧૪

१८६ यथात्मबुद्धिरभ्यासात् स्वकायेऽस्मिन्निरात्मके ।
परेष्वपि तथात्मत्वं किम् अभ्यासान्न जायते ॥११५॥

૧૮૬. જેમ નિરાત્મક એવા પોતાના શરીરમાં અભ્યાસથી આત્મબુદ્ધિ થાય છે, તેમ પારકાંઓમાં પણ અભ્યાસથી શા માટે આત્મબુદ્ધિ ન થાય? ૧૧૫

१८७ ये केचिद् दुःखिता लोके सर्वे ते स्वसुखेच्छया ।
ये केचित् सुखिता लोके सर्वे तेऽन्यसुखेच्छया ॥१२९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૮૭. જગતમાં જે કેટલાક દુઃખી છે તે બધ
સુખની ઇચ્છાથી દુઃખી છે. કેટલાક જે સુખી છે તે બીજાના
સુખની ઇચ્છાથી સુખી છે. ૧૨૯

१८८ अन्यसंबंधम् अस्मीति निश्चयं कुरु हे मनः ।
सर्वसत्त्वार्थम् उत्सृज्य नान्यच्चिन्त्यं त्वयाऽधुना ॥ १३७ ।

ध्यानपारमिता अष्टमः परिच्छेदः ।

૧૮૮. હું બીજાના સંબંધમાં છું એમ હે મન
તું નિશ્ચય કર. સર્વ સત્ત્વોનો ઉપકાર છોડીને બીજો કંઈ
તારે હમણાં વિચાર કરવાનો નથી. ૧૩૭

**ધ્યાનપારમિતા નામનો આઠમો પરિચ્છેદ**

## નવમ પરિચ્છેદ

१८९ इमं परिकरं सर्वं प्रज्ञार्थं हि मुनिर्जगौ ।
तस्माद् उत्पादयेत् प्रज्ञां दुःखनिवृत्तिकांक्षया ॥१॥

૧૮૯. આ બધી સામગ્રી મુનિએ પ્રજ્ઞાને માટે જ
કહી છે. માટે દુઃખનિવૃત્તિની ઇચ્છાથી પ્રજ્ઞાને ઉત્પન્ન
કરવી જોઈએ. ૧

१९० प्रत्यक्षम् अपि रूपादि प्रसिद्ध्या न प्रमाणतः ।
अशुच्यादिषु शुच्यादिप्रसिद्धिरिव सा मृषा ॥ ६ ॥

૧૯૦. પ્રત્યક્ષ રૂપ વગેરે પણ પ્રસિદ્ધિથી છે, પ્રમાણથી
નહીં. અશુચિ વગેરેમાં શુચિ વગેરેની પ્રસિદ્ધિની જેમ તે
ખોટી છે. ૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१९१ शून्यतावासनाधानाद्धीयते भाववासना ।
किंचिन्नास्तीति चाभ्यासात् सापि पश्चात्
प्रहीयते ।। ३३ ।।

૧૯૧. શૂન્યતાની વાસના રાખવાથી ભાવવાસના દૂર થાય છે. કંઈ પણ નથી એવા અભ્યાસથી તે પણ પછીથી નાશ પામે છે. ૩૩

१९२ यद् दुःखजननं वस्तु त्रासस्तस्मात् प्रजायताम् ।
शून्यता दुःखशमनी ततः किं जायते भयम् ।। ५६ ।।

૧૯૨. જે દુઃખ ઉત્પન્ન કરનારી વસ્તુ છે, તેમાંથી ત્રાસ ઉત્પન્ન થાય; શૂન્યતા તો દુઃખનું શમન કરનારી છે. તેમાંથી ભય કેમ ઉત્પન્ન થાય? ૫૬

१९३ दन्तकेशनखा नाहं नास्थि नाप्यस्मि शोणितम् ।
न सिंघाणं न च श्लेष्मा न पूयं लसिकाऽपि वा ।।५८।।

૧૯૩. હું દંત, કેશ કે નખ નથી; હાડકું નથી; લોહી નથી; લીંટ નથી; કફ નથી; પરુ નથી; થૂંક પણ નથી. ૫૮

१९४ नाहं मांसं न च स्नायुर्नोष्मा वायुर् अहं न च ।
न च छिद्राण्यहं नापि षड्विज्ञानानि सर्वथा ।।६०।।

૧૯૪. હું માંસ નથી; સ્નાયુ નથી; ગરમી નથી; વાયુ નથી; છિદ્ર નથી અને સર્વથા છ વિજ્ઞાન[1] નથી. ૬૦

१९५ अतीतानागतं चित्तं नाहं तद्धि न विद्यते ।
अथोत्पन्नम् अहं चित्तं नष्टेऽस्मिन्नास्त्यहं पुनः ।।७४।।

---

૧. ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, કાય અને મન — એ છથી થતાં જ્ઞાનો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૯૫. હું ભૂત કે ભવિષ્ય ચિત્ત નથી. કેમ કે તે વિદ્યમાન જ નથી. જો હું વર્તમાન ચિત્ત હોઉં, તો તે નાશ થતાં વળી હું નથી. ૭૪

१९६ एवं शून्येषु धर्मेषु किं लब्धं किं हृतं भवेत् ।
सत्कृतः परिभूतो वा केन कः संभविष्यति ।।१५२।।

૧૯૬. આ પ્રમાણે પદાર્થો શૂન્ય હોય, ત્યાં શું મળ્યું ને શું ગુમાવ્યું? સત્કાર પામેલો અથવા અપમાન પામેલો કોના વડે કોણ સંભવી શકે? ૧૫૨

१९७ सर्वम् आकाशसंकाशं परिगृह्णन्तु मद्विधाः ।
प्रकुप्यन्ति प्रहृष्यन्ति कलहोत्सवहेतुभिः ।। १५५ ।।

૧૯૭. આ બધાને આકાશ જેવું (શૂન્ય) ગણો. મારા જેવાઓ કજિયાને કારણે અને ઉત્સવના કારણે અનુક્રમે ગુસ્સે થાય છે અને ખુશ થાય છે. ૧૫૫

१९८ शोकायासैर्विषादैश्च मिथश्छेदनभेदनैः ।
यापयन्ति सुकृच्छ्रेण पापैरात्मसुखेच्छवः ।। १५६ ।।

૧૯૮. શોક, આયાસ અને વિષાદથી તેમ જ એક બીજાના પરસ્પર છેદનભેદનથી, પાપ વડે પોતાના સુખની ઇચ્છાવાળાઓ બહુ જ મુસીબતથી સમય ગાળે છે. ૧૫૬

१९९ अहो बतातिशोच्यत्वम् एषां दुःखौघवर्तिनाम् ।
ये नेक्षन्ते स्वदौःस्थित्यम् एवम् अप्यतिदुःस्थिताः
।। १६४ ।।

૧૯૯. દુઃખના પ્રવાહમાં પડેલા બિચારા અતિશય શોચ્ય છે; જે આ પ્રમાણે અતિ દુઃખ હોવા છતાં પણ પોતાની ખરાબ સ્થિતિને જોઈ શકતા નથી. ૧૬૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

२०० एवं दुःखाग्नितप्तानां शान्तिं कुर्याम् अहं कदा ।
पुण्यमेघसमुद्भूतैः सुखोपकरणैः स्वकैः ।। १६७ ।।

૨૦૦. આ પ્રમાણે દુઃખના અગ્નિથી દાઝેલાઓની શાંતિ પોતાના પુણ્યમેઘમાંથી ઉત્પન્ન થયેલાં સુખનાં સાધનો વડે હું ક્યારે કરીશ? ૧૬૭

२०१ कदोपलम्भदृष्टिभ्यो देशयिष्यामि शून्यताम् ।
संवृत्यानुपलम्भेन पुण्यसंभारम् आदरात् ।।१६८।।

प्रज्ञापारमिता नवमः परिच्छेदः ।

૨૦૧. ઉપલંભ દૃષ્ટિવાળાઓને (પરિગ્રહી – આસક્તિવાળાઓને) હું ક્યારે સંવૃતિથી (વ્યાવહારિક રીતે) શૂન્યતાનો ઉપદેશ આપીશ? અનુપલંભથી આદરપૂર્વક પુણ્ય સામગ્રીનો (ક્યારે ઉપદેશ આપીશ?) ૧૬૮

**પ્રજ્ઞાપારમિતા નામનો નવમો પરિચ્છેદ**

## દશમ પરિચ્છેદ

२०२ अनेन मम पुण्येन सर्वसत्त्वा अशेषतः ।
विरम्य सर्वपापेभ्यः कुर्वन्तु कुशलं सदा ।। ३१ ।।

૨૦૨. મારા આ પુણ્ય વડે સર્વ સત્ત્વો (ભૂતપ્રાણીઓ) સંપૂર્ણ રીતે સર્વ પાપમાંથી અટકી હંમેશાં કુશળ કરો. ૩૧

२०३ बोधिचित्ताविरहिता बोधिचर्यापरायणाः ।
बुद्धैः परिगृहीताश्च मारकर्मविवर्जिताः ।। ३२ ।।

૨૦૩. બોધિચિત્તથી સહિત, બોધિચર્યાપરાયણ, બુદ્ધોથી પરિગૃહીત, મારનાં કર્મોથી રહિત — ૩૨

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

२०४ विवेकलाभिनः सन्तु शिक्षाकामाश्च भिक्षवः ।
कर्मण्यचित्ता ध्यायन्तु सर्वविक्षेपवर्जिताः ॥ ४३ ॥

૨૦૪. વિવેકલાભવાળા, શિક્ષાની ઇચ્છાવાળા ભિક્ષુઓ થાઓ. સર્વ વિક્ષેપથી રહિત કર્મશીલ ચિત્તવાળા ધ્યાન કરો. ૪૩

२०५ पण्डिताः सत्कृताः सन्तु लाभिनः पैण्डपातिकाः ।
भवन्तु शुद्धसंतानाः सर्वदिक्ख्यातकीर्तयः ॥ ४६ ॥

૨૦૫. પંડિતો સત્કાર પામો; પિંડપાતિકો (ભિક્ષુઓ) લાભવાળા, શુદ્ધ વિચારવાળા અને સર્વ દિશાઓમાં ફેલાયેલી કીર્તિવાળા થાઓ. ૪૬

२०६ यत् किंचिज्जगतो दुःखं तत् सर्वं मयि पच्यताम् ।
बोधिसत्त्वशुभैः सर्वैर्जगत् सुखितम् अस्तु च ॥ ५६ ॥

૨૦૬. જગતનું જે કાંઈ દુઃખ છે તે બધું મારામાં પચો. સર્વ શુભ બોધિસત્ત્વો વડે જગત સુખી થાઓ. ૫૬

२०७ जगदुःखैकभैषज्यं सर्वसंपत्सुखाकरम् ।
लाभसत्कारसहितं चिरं तिष्ठतु शासनम् ॥ ५७ ॥

परिणामः दशमः परिच्छेदः ।

૨૦૭. જગતના દુઃખનું અદ્વિતીય ઔષધ, સર્વ સંપત્તિ અને સુખની ખાણ એવું શાસન લાભ અને સત્કાર સાથે લાંબા વખત સુધી રહો. ૫૭

**પરિણામ પરિચ્છેદ નામનો દશમો પરિચ્છેદ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અધ્યાપક ધર્માનંદ કોસંબીનાં કેટલાંક પુસ્તકો**

## બુદ્ધચરિત

દંતકથાનું જાળું દૂર કરી, મૂળ પાલિ ત્રિપિટકોને આધારે લખેલું બુદ્ધ ભગવાનનું ચરિત્ર; તે સમયની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિની સંપૂર્ણ સમાલોચના, તથા પસંદ કરેલાં જૂનાં પ્રસિદ્ધ ચિત્રો સાથે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૯

## બુદ્ધલીલા



આ ગ્રંથમાં બુદ્ધ ભગવાનનું ચરિત્ર, તેમના ઉપદેશ અને તેમની જન્માંતરની કથાઓ, ઉપરાંત દાર્શનિક સિદ્ધાંતો અને ચર્ચાઓની આંટીઘૂંટીમાં વાચકને ઉતાર્યા સિવાય બુદ્ધ, ધર્મ અને સંઘ વિષે કથાઓ રૂપે સચોટ હૃદયસ્પર્શી માહિતી આપવામાં આવેલી છે.

(અપ્રાપ્ય)

## સુત્તનિપાત

બૌદ્ધ ધર્મગ્રંથ 'સુત્તનિપાત' નો અનુવાદ. સામાન્ય વાચકો માટે બૌદ્ધ ધર્મનો ઠીક ઠીક ખ્યાલ 'ધમ્મપદ' અને 'સુત્તનિપાત' એ બે ગ્રંથો ઉપરથી મળી શકે. આ બંને ગ્રંથોની પ્રતિષ્ઠા બૌદ્ધધર્મના અભ્યાસીઓમાં સૌથી વધારે છે.

કિં. રૂ. ૧–૦–૦ ટપાલરવાનગી ૦–૫–૦

## ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદો

'સુત્તનિપાત' જેવો જ, બુદ્ધના ધર્મસંવાદો અને ઉપદેશોનો સંગ્રહરૂપ પ્રાચીન પાલિ ... પ્રથમ પચાસ પ્રકરણોનો અનુ...

કિં. રૂ. ૩–૦–૦ ...–૦

Serving JinShasan
...678...
...th.org

ન...

અમદાવાદ અને મુંબઈ નં. ૨